मोक्षार्थिना प्रत्यहं ज्ञान[illegible]

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૬૩ મું | અંક ૬ ઠ્ઠો

ચૈત્ર

ઇ. સ. ૧૯૪૭ | ૨૧ માર્ચ

વીર સં. ૨૪૭૩ | વિક્રમ સં. ૨૦૦૩

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર



શાહ ધનજીભાઇ પ્રેમચંદ.

...ના વેપારી x—

રૂ૯વાણુ કેમ્પ.

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

| | | |
|---|---|---|
| પુસ્તક ૬૩ મું<br>અંક ૬ ઠ્ઠો | ચૈત્ર | વીર સં. ૨૪૭૩<br>વિ. સં. ૨૦૦૩ |


## अनुक्रमणिका


૧. શ્રી સિદ્ધચક્રનું સ્તવન ... ... (આ. શ્રી વિજયપદ્મસૂરિજી) ૧૨૧

૨. વિશ્વવંદ્ય પ્રભુ મહાવીર ... ... (મગનલાલ મોતીચંદ શાહ) ૧૨૨

૩. સુભિકખુ યાને આદર્શ શ્રમણ... (પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા) ૧૨૪

૪. **प्रभु वीरने अधर्म मीटाया** ... ... ... (રાજમલ ભંડારી) ૧૨૫

૫. ભગવાન મહાવીરની જીવનયાત્રા ... (અમરચંદ માવજી શાહ) ૧૨૬

૬. 'મહાવીર' નામ શાથી પડ્યું ? ... (મુનિશ્રી ધુરંધરવિજયજી) ૧૨૭

૭ શ્રી મહાવીરનું શાસન-એક આદર્શ ... ... ...
લોકશાસન તંત્ર (શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી) ૧૩૧

૮. પ્રભુ મહાવીર અને રાજા શ્રેણિક ... (આ. શ્રી. વિજયપદ્મસૂરિજી) ૧૩૫

૯. ઉપદેશક દુહા ... ... ... ... ... ... ૧૩૮

૧૦. બહુસાલ ઉદ્યાનમાં શ્રી મહાવીર ... (મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૩૯

૧૧. ધર્મમાં સમ્યગ્જ્ઞાનની જરૂરિયાત ... (ચતુર્ભુજ જયચંદ શાહ) ૧૪૨

૧૨. વ્યાયામ અને આત્મરક્ષણની તાલીમ ... ... (ઉદ્ધૃત) ૧૪૬

૧૩. ધર્મભાવના ... ... ... (હીરાચંદ ઝવેરચંદ શાહ) ૧૪૮

૧૪. સ્વીકાર ને આભાર... ... ... ... ... ... ટા. પે. ૩


**નવા સભાસદો**

| | | | |
|---|---|---|---|
| ૧. | શાહ પ્રભુદાસ ગિરધરલાલ | મુંબઇ | લાઇફ મેમ્બર |
| ૨. | શ્રી ફુલબાઇ વાંચનાલય,<br>હ. વોરા ફુલચંદ લીલાધર | મોટી પાનેલી | ,, |
| ૩. | મોદી અમૃતલાલ છગનલાલ | રાણપુર | વાર્ષિક મેમ્બર |
| ૪. | અમૃતલાલ શામજી શાહ | તણસા | ,, |
| ૫. | બાબુલાલ વેલચંદ શાહ | ભાવનગર | ,, |


## ચૈત્રી પંચાંગ

અમારા તરફથી બહાર પડતાં સં. ૨૦૦૩ ના ચૈત્રથી સ. ૨૦૦૪ ના ફાગણ સુધીના ચૈત્રી પંચાંગ છપાઇ તૈયાર થઇ ગયા છે. પંચાંગમાં શ્રી પાર્શ્વનાથ ભગવંતનો ફોટો મૂકી સુશોભિત કરવામાં આવેલ છે.

**છુટક નકલ એક આનો.**

**સો નકલના રૂપિયા સાડાપાંચ.**

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.




પુસ્તક ૬૩ મું. | : ચૈત્ર : | વીર સં. ૨૪૭૩
અંક ૬ ઠ્ઠો. | | વિ. સં. ૨૦૦૩

## શ્રી સિદ્ધચક્રનું સ્તવન.

( રાગ–તે દિન ક્યારે આવશે. )

શ્રી સિદ્ધચક્ર સદા સ્મરો, રંગે કરો ભક્તિ;
આરાધક એક ચિત્તથી, ઝટ પામે મુક્તિ. શ્રી૦ ૧
શ્રી સિદ્ધચક્ર આરાધના, જિનશાસન સાર;
પુણ્યે અવસર પામીએ, વિધિ રંગ પ્રચાર. શ્રી૦ ૨
અરિહંત સિદ્ધ સૂરીશ્વરા, પાઠક મુનિ નાણ;
દર્શન સંયમ તપથકી, નિશ્ચય કલ્યાણ. શ્રી૦ ૩
સિદ્ધ થયા ને થાય છે, હોશે વળી જેહ;
તે નવપદને સાધતા, આરાધો એહ. શ્રી૦ ૪
શ્રીપાલ મયણા પામશે, નવમે ભવ સિદ્ધિ;
નવપદથી નેમિ પદ્મને, નિજ ઋદ્ધિની વૃદ્ધિ. શ્રી૦ ૫

—આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી.

# વિશ્વવંદ્ય પ્રભુ મહાવીર

સુંદર શામળીયા નામ જપીશ નિત તારૂં......એ રાગ.

વીર જિન જયકારી, સ્મરીએ ભાવે તમને;
મહામંગળકારી, શિવસુખ આપો અમને. વીર જિન જયકારી.
અનંત કાળ ભવસાગર ભમતાં, સમકિતનો શુદ્ધ ભાવ પ્રગટતાં;
સત્તાવીશ ભવગણના કરતાં, વીર પ્રભુનો જીવ સિદ્ધિએ વળતાં.
ભવચક્ર ક્ષય ભારી...સ્મરીએ...વીર જિન જયકારી. ૧
પ્રાણત લોકથી પ્રભુજી પધાર્યા, જગતના વૈભવને વધાર્યા;
પશુ પક્ષી માનવ સુખ પામ્યા, નારકી દુઃખ બે ઘડીનાં વિરામ્યા.
પ્રભુજન્મ ઉપકારી...સ્મરીએ...વીર જિન જયકારી. ૨
ચૈત્ર શુકલ ત્રયોદશી જાણો, મધ્યરાત્રિનો મહિમા પિછાણો;
શુભ્ર યોગના સંયોગ વિચારો, તીર્થંકરના જન્મે પ્રમાણો.
ધન્ય જગહિતકારી...સ્મરીએ...વીર જિન જયકારી. ૩
દેવદુંદુભિ ગગનમાં ગાજે, નૌબત ભેરી વિધવિધ વાજે;
સુરપુષ્પવૃષ્ટિ કરી રાજે, દેવાંગનાઓનાં ગીતડાં ગાજે.
ધન્ય જિનઅવતારી...સ્મરીએ...વીર જિન જયકારી. ૪
મેરુગિરિ પર સુરપતિ આવે, પ્રેમેથી પ્રભુજીને નવરાવે;
થાળ ભરી કુમારિકા લાવે, હીરા મોતી ફૂલડે વધાવે.
ભક્તિ કરે દેવ ભારી...સ્મરીએ ..વીર જિન જયકારી. ૫
સૌધર્મેન્દ્રની શંકા ટાળી, અંગૂઠાથી મેરુ દબાવી;
બાળભાવનું દેવદુઃખ જાણી, અવધિજ્ઞાને પ્રભુએ વિચારી.
દિવ્યશક્તિ તીર્થનામી...સ્મરીએ...વીર જિન જયકારી. ૬
વૃક્ષ ફળ ફૂલ રસે ઝરે છે, નંદનવન સમ જગત બને છે;
દેવ દેવાંગના હર્ષ ધરે છે, જન્મ કલ્યાણિક જગ ઉજવે છે.
પ્રભુજન્મ બલિહારી...સ્મરીએ...વીર જિન જયકારી. ૭
હિંસકની પરિણતિ બદલાણી, વૈર તજી મૈત્રી ઉભરાણી;
ધનધાન્યથી ધરા ભરાણી, તીર્થંકર પદની એ લહાણી.
વધ્યો વૈભવ ભારી...સ્મરીએ...વીર જિન જયકારી. ૮
સુવર્ણમય પ્રભાત બન્યું છે, જગત સર્વે હર્ષે ભર્યું છે;
નદી નાળાંમાં નીર વહ્યું છે, આધિ, વ્યાધિ સહુ દૂર ગયું છે.
પ્રભુનામ વૃદ્ધિકારી...સ્મરીએ...વીર જિન જયકારી. ૯

દાસ દાસી વધામણા લાવ્યા, પહેરામણીમાં બહુબહુ ફાવ્યા;
સિદ્ધાર્થ હર્ષાવેશમાં આવ્યા, દીનોને દાને નવરાવ્યા.
ઊગ્યો દિન સૌભાગી...સ્મરીએ...વીર જિન જયકારી. ૧૦
બાલ્યાવસ્થા પૂર્ણ કરીને, જ્ઞાન કળા શુભ નીતિ ભણીને;
યુવાવસ્થાના ધર્મ તરીને, વૈરાગ્યના સંકલ્પો ભરીને.
થયા વીર અણગારી...સ્મરીએ...વીર જિન જયકારી. ૧૧
વન ઉપવનમાં ધ્યાન ધરીને, સંયમમાં ચિત્ત સ્થિર કરીને;
દૈવી ઘોર ઉપસર્ગો સહીને, સ્વાશ્રયને જ સિદ્ધ કરીને.
થયા મનોગત જ્ઞાની...સ્મરીએ...વીર જિન જયકારી. ૧૨
દિન પંદર વર્ષ સાડાબારી, તપ પ્રભુનો છે અતિ ભારી;
કર્મ બાળીને થયા અવિકારી, છદ્મસ્થ ભાવની તોડી જાળી.
ધન્ય કૈવલ્યજ્ઞાની...સ્મરીએ...વીર જિન જયકારી. ૧૩
વિશ્વબંધુત્વના પાઠ ભણાવ્યા, અંગ ઉપાંગ પ્રમાણો જણાવ્યા;
જીવાજીવના ભેદ બતાવ્યા, અહિંસા સંપ સદાચાર ગાયા.
એ શ્રુત બલિહારી...સ્મરીએ...વીર જિન જયકારી. ૧૪
શબ્દના વેગની સત્તા બતાવી, લોકના છેડા સુધી ગણાવી;
અતિ સૂક્ષ્મ જીવ જાત જણાવી, વર્ગઃપ્રમાણમાં વૃદ્ધિ ગણાવી.
પ્રભુ જગહિતકારી...સ્મરીએ...વીર જિન જયકારી. ૧૫
દુર્મતિના મતભેદને કાપી, "**ज्ञानक्रियाभ्यां मोक्षः**"
"**लोके लिंगप्रयोजनं**" સ્થાપી, નિશ્ચયે આત્મપરિણતી માપી.
પ્રભુ નિજ ગુણગામી...સ્મરીએ...વીર જિન જયકારી. ૧૬
સ્યાદ્વાદના પરમ મીમાંસક, જીવશક્તિ વિદ્યા ગુણધારક;
જ્યોતિષ વિદ્યા (Astrologer) પરમ નિયામક, ભવભયચ્છેદક પાપવિચ્છેદક.
ધન્યપદ નિર્વાણી...સ્મરીએ...વીર જિન જયકારી. ૧૭
વિશ્વવિધાતા આનંદદાતા, ભવિ જીવો જિનના ગુણ ગાતા;
ધર્મદિવાકર પ્રભુ સુખદાતા, નિજ ગુણ સંપત્તિએ જ તરાતા.
આપ શરણ સુખકારી...સ્મરીએ...વીર જિન જયકારી. ૧૮
ભાવ દયાના પરમ પૂજારી, સ્વલ્પ કર્મની ક્ષીણતા વિચારી;
પંચકલ્યાણિક જગને બતાવી, પાવાપુરીને કૃતાર્થ બનાવી.
પ્રભુ થયા મોક્ષગામી...સ્મરીએ...વીર જિન જયકારી. ૧૯
મોહજનિત દશાને નિવારો, કાળકૂટ કુંભિમાંથી ઉગારો;
ભવારણ્ય પ્રભુ પાર ઉતારો, પ્રાર્થના એ છેલ્લી સ્વીકારો.
દ્યો શરણાગત તારી...સ્મરીએ...વીર જિન જયકારી. ૨૦

**મગનલાલ મોતીચંદ શાહ-વઢવાણ કેમ્પ**

# સુભિક્ખુ યાને આદર્શ શ્રમણ[1]

( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા )

દીક્ષા લઇ બુદ્ધતણાં વિચારી વેણો, બને જે સુસમાધિયુક્ત;
થાતો કદાપિ વશ ના રમાને વમેલ ચૂસે નવ, એ 'સુભિકખુ'—૧
ખણે ખણાવે નહિ કો'દિ ભૂમિ પીતો ન પાતો જળ વા સચિત્ત;
જાળે જળાવે નવ તીક્ષ્ણ શસ્ત્ર અગ્નિરૂપી જે, કહીએ 'સુભિકખુ'—૨
ખાયે ન પંખો, ખવડાવતો વા જે વાયુ કાજે, ન લીલોતરીને;
કાપે કપાવે, નવ બીજ ચાંપે, સચિત્ત આહાર તજે 'સુભિકખુ'—૩
જીવો [3]ત્રસાદિ ધરણી વિષે જે કાષ્ઠે તૃણે, નક્કી હણાય, રાંધ્યે;
એથી જ ખાયે ન ઉદ્દિષ્ટ અન્ન, પીએ ન પાયે જળ તે 'સુભિકખુ'—૪
શિક્ષા ગમે **વીરની** 'જ્ઞાત' કેરા, [4]છકાયને આત્મ સમા ગણે જે;
પાળે [5]મહાયામ, સદા, નિરોધે જે [6]સંવરે [7]આસ્રવ તે 'સુભિકખુ'—૫
[8]કષાય ચારે નિતના વમેલા વેણે થયેલો સ્થિર બુદ્ધ કેરા;
સોનું ન રૂપું નિજનું કંઇ ના, સંસર્ગ ના ગૃહીથકી 'સુભિકખુ'—૬
દૃષ્ટિ સદા સાચી અને અમૂઢ જ્ઞાને તપે સંયમને વિષે ને;
પાપો પુરાણાં તપથી હઠાવે, પોષે ત્રિગુપ્તિ પૂરી તે 'સુભિકખુ'—૭
જે પેય [9]નાના, અશનો અનેરાં ખાદિમ સ્વાદિમ મળ્યાં, ન તેને
રાખે રખાવે, કંઇ કામ આવે કાલે કદી વા પછી, તે 'સુભિકખુ'—૮
જે પેય [10]નાના, અશનો અનેરાં ખાદિમ સ્વાદિમ મળ્યાં વિવિધ
ખાયે નિમંત્રી સમધર્મી સાધુ, સ્વાધ્યાયમાં રક્ત રહે 'સુભિકખુ'—૯
કહે કથા ના કદી કલેશકારી, કોપે ન, ગોપે [11]કરણો, પ્રશાન્ત,
જે સંયમે છે સ્થિર યોગ યુક્ત, કો'ની અવજ્ઞા ન કરે 'સુભિકખુ'—૧૦
સહે ખલોનાં વળી ગામકેરા આક્રોશ ને તર્જન ને પ્રહારો
નાદો તથા ભૈરવ અટ્ટહાસ; દુઃખે સુખે વા સમ તે 'સુભિકખુ'—૧૧
સ્મશાનમાં જે ગ્રહીને પ્રતિમા પામે ન ભીતિ ભય-ભૈરવોથી
સેવે તપો જે અતિગુણકારી, દૈહિક વાંછે સુખ ના, 'સુભિકખુ'—૧૨
શરીર છોડી, તજી એની ચિન્તા, આક્રોશ વા તાડન વા પ્રહાર
સહે મુનિ પૃથ્વી સમા, રહિત [12]નિદાન ને કૌતુકથી 'સુભિકખુ'—૧૩
[13]પરીષહો કાયથી જીતી રક્ષે આત્મા સદા જન્મ તણા પથેથી;
જાણી ભયો છે વળી જન્મ મૃત્યુ શ્રામણ્યરાગી તપરાગી 'ભિકખુ'—૧૪

૧. **દસવેયાલિયના** દસમા અજઝયણનો આ અનુવાદ છે. ૨. જ્ઞાની ૩. ત્રસ અને સ્થાવર ૪. પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસ. ૫. પાંચ મહાવ્રતો. ૬. કર્મનું રોકાણ ૭. કર્મને આવવાનાં દ્વાર. ૮. ક્રોધ, માન, માયા અને લોભ. ૯-૧૦. વિવિધ. ૧૧ ઈન્દ્રિયો. ૧૨. વ્રતાનુષ્ઠાનના ફળની પ્રાપ્તિની ઇચ્છા, સંકલ્પવિશેષ. ૧૩. મુશ્કેલીઓ.

કચ્છાગરાં છે કર–પાદ જેનાં વાણી અને ઇન્દ્રિય પાંચ સાચે;
અધ્યાત્મસંગી સુસમાધિયુક્ત સૂત્રાર્થ જાણે બહુ તે 'સુભિકખુ'—૧૫
આસક્તિ ગૃદ્ધિ ઉપધિ વિષે ના અજ્ઞાતરૂપે ગ્રહી ગોચરીને
ઉદાત્ત શુદ્ધ, ક્રય વિક્રયે ના, ના સંગ્રહે વા રતિ જેની, 'ભિકખુ'—૧૬
તૃષ્ણા વિનાનો વળી લોભમુક્ત ભિક્ષા ગ્રહે, જીવન નાહીં ઇચ્છી;
ત્યજે સુઋદ્ધિ વળી માન પૂજા આત્મા વિષે સ્થિર રહે 'સુભિકખુ'—૧૭
કહે નહિ જે પરને કુશીલ કિંવા ચડે જે થકી ક્રોધ એને;
પ્રત્યેક જાણી વળી પુણ્યપાપ હાંકે બડાઇ નહિ, તે 'સુભિકખુ'—૧૮
ગર્વિષ્ટ જન્મે નથી રૂપથી વા જ્ઞાને ન લાભે કદી યે જરાયે.
૧૪આઠે મદોને ત્યજી ધર્મધ્યાને મહાલે નિરાંતે ગણીએ'સુભિકખુ'—૧૯
મહામુનિ આર્યપદો પ્રરૂપે ધર્મી બનાવે પરને સુધર્મી
દીક્ષા ગ્રહી, છોડી કુશીલ ચિહ્નો કૌતુક ને હાસ્યથી મુક્ત 'ભિક્ખુ'—૨૦
દેહે ત્યજી વાસ અનિત્ય પૂતિ સાધે સદાયે નિજ હિત સાચું;
જતો,ન આવે ફરી જ્યાંથી પાછો જન્માદિ પાશો નિજ છોડી 'સુભિકખુ'—૨૧

૧૪ જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ અને શ્રુત એ આઠ આશ્રીને આઠ ભેદ.

## प्रभु वीरने अधर्म मिटाया।

श्रीवीर प्रभु महावीरने, अधर्म मिटाया।
जैन का वह सत्य रवि, आके प्रगटाया ॥
न मानते थे आत्म को, उनको भी बताया।
धर्म के उन मर्म को, सत्य कर के दीखाया ॥
रहना सदा हिलमिल के,जगत को भी सीखाया।
मत प्राण हरो पशुओं के, उनको भी बचाया ॥
प्रभुने निजात्मशक्ति से, भारत को उठाया।
कायर थे, पराधीन थे, स्वाधीन बनाया ॥
शक्रेन्द्रने शंका करी तो, मेरु हिलाया।
चिन्ता हुइ थी मात को, तव उसको मिटाया ॥
राजा बिंम्बिसार* को,निज सम है बनाया।
युं करके प्रभु वीरने, सब जग को चेताया ॥
हो करके राज भक्त, प्रभु वीर से स्नेह लगाया ॥

राजमल भंडारी–आगर ( मालवा )

* महाराजा श्रेणिक.

# ભગવાન મહાવીરની જીવનયાત્રા

卐

(રાગ: ભૈરવી)

મહાવીર તેં તો જન્મી જગમાં, માનવતાને જગાડી;
હિંસા દાવાનળ બુઝાવ્યો, અહિંસા ધર્મ પમાડી. મહાવીર એ ટેક ૧
મહાવીર તારી માતૃભક્તિએ, અનુપમ પાઠ ભણાવ્યા;
ત્રિશલા કુક્ષીએ માતૃસ્નેહનાં, મૂલ્યાંકન પિછાણ્યાં. મહાવીર ૨
મહાવીર તારી બાળલીલાએ, વીરત્વતા દેખાડી;
રમત કરતાં દેવ હરાવ્યો, મુષ્ટિપ્રહાર ચખાડી. મહાવીર ૩
મહાવીર તેં તો ભ્રાતૃસ્નેહની, સૌરભ દિલ પ્રસરાવી;
યશોદાપતિ થઇ ગૃહસ્થ જીવનની, ઝાંખી જગને કરાવી. મહાવીર ૪
મહાવીર તેં તો ત્રીશ વર્ષે, વિરકત ભાગ જગાવી;
દાન ધર્મની ભવ્ય પ્રણાલી, વરસીદાન વરસાવી. મહાવીર ૫
મહાવીર તેં તો સાધના પંથે, રાજ્યસુખને ત્યાગ્યા;
વસ્ત્રાભૂષણ સ્ત્રિયાદિકનાં, સ્નેહપાશને છોડ્યાં. મહાવીર ૬
મહાવીર તારી આત્મસાધના, સંયમ ધર્મથી શોભે;
વર્ષ સાડાબાર તપસ્યા, મૌનથી તત્ત્વને શોધે. મહાવીર ૭
મહાવીર તારા અભિનિષ્ક્રમણમાં, કંટક કષ્ટ છવાયાં;
સમતા ભાવે કર્મ નિર્જરા, આત્મ જ્યોત જગાયાં. મહાવીર ૮
મહાવીર તારા કર્મ બંધનો, શિથિલ થઇને છૂટ્યાં;
કેવળજ્ઞાનની જ્યોતિ પ્રગટી, દેવદુંદુભિ વાગ્યાં. મહાવીર ૯
મહાવીર મુખથી વાણી પ્રગટી, ભવ્ય જીવોને બોધ્યાં;
સંઘ ચતુર્થની સ્થાપના કરીને, શાસન કીલ્લા બાંધ્યા. મહાવીર ૧૦
મહાવીર તારી આગમ વાણી, શાસ્ત્ર વિશે સચવાણી;
પરંપરાગત જ્ઞાન–સરિતા, વીર પાટે વંચાણી. મહાવીર ૧૧
મહાવીર તારો જન્મદિન, ચૈત્ર શુદિ ત્રયોદશે;
તે શુભદિને તવ જીવનયાત્રા, રચી મેં 'અમર' ઉલ્લાસે. મહાવીર ૧૧

—અમરચંદ માવજી શાહ

# 'મહાવીર' નામ શાથી પડયું ?

## [ જુદે જુદે ત્રણ પ્રસંગે પ્રભુને ઇન્દ્રે 'મહાવીર' કહીને સમ્બોધ્યા છે તેના ઉલ્લેખો. ]

અન્તિમ તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામીના ત્રણ નામો છે. ૧, શ્રી વર્ધમાન, ૨, શ્રમણ ને ૩, મહાવીર. તેમાં જ્યારથી પ્રભુનું ચ્યવન કલ્યાણક થયું—માતા ત્રિશલાની કુક્ષિમાં જ્યારથી પ્રભુ પધાર્યા ત્યારથી સિદ્ધાર્થ રાજાનું કુલ જે જ્ઞાતકુલ નામે પ્રસિદ્ધ છે, તેમાં સર્વ પ્રકારે અનુકૂલ વૃદ્ધિ થવા લાગી. માતા-પિતાએ એ વૃદ્ધિથી સંકલ્પ કરેલ કે આ પુત્રનું નામ 'વર્ધમાનકુમાર' રાખીશું. જન્મબાદ બારમે દિવસે સર્વ જ્ઞાતિ–કુલના માણસોને નિમંત્રી કરેલ સંકલ્પ પ્રમાણે 'વર્ધમાનકુમાર' એવું નામ સ્થાપ્યું.

ભગવાન્ ખૂબ તપશ્ચર્યા કરતા, વિકટ ઉપસર્ગો સહન કરતા, વિષમ અભિગ્રહો ધારણ કરતા; તેથી જનતા તેઓશ્રીને 'શ્રમણ' તપસ્વી કહીને સમ્બોધતી. **श्राम्यति इति श्रमणः** જે કષ્ટ સહન કરે તે શ્રમણ. એ પ્રમાણે એ પરમાત્માના સંયમી જીવનનું રહસ્યભૂત યથાર્થ નામ 'શ્રમણ' છે.

ભગવાનનું અતિશય પ્રચલિત નામ 'મહાવીર' છે. તે કયારે અને કેવી રીતે પડયું તે સમ્બન્ધી પ્રસિદ્ધ ને પ્રચલિત હકીકત આ છે.

પ્રભુની શૈશવવય પછીની કુમાર વયનો આ પ્રસંગ છે. સમવયસ્ક મિત્રો સાથે ઉપવનમાં વર્ધમાનકુમાર ક્રીડા કરતા હતા. સમયોચિત રમત રમતા હતા. રમત–રીત આ પ્રમાણે હતી. કોઈ એક કુમાર ઉપર દાવ હોય તે દૂર ઊભો રહે. નિયત કાળમાં રમનારા બીજા બાળકો જુદા જુદા ઝાડ ઉપર ચડી જાય, એટલે દાવવાળો બાળક ત્યાં આવી ઝાડ પર ચડી જેને અડી જાય તેના ઉપર દાવ આવે.

આવી આવી અનેક રમતોની ક્રીડા ચાલતી હતી, સૌધર્મ દેવલોકના સ્વામી શક્રેન્દ્ર બાળકો સાથે ક્રીડા કરતા વર્ધમાનકુમારને અવધિજ્ઞાને આલોકી સુધર્મા સભામાં વિશાળ સુરસમુદાય સમક્ષ પોતાને થયેલ હર્ષ–આનન્દ વ્યક્ત કરતા હતા ને વર્ધમાનકુમારના ધૈર્યની પ્રશંસા કરતા હતા. દેવસભામાં તેમણે કહ્યું.

'ભરતક્ષેત્રમાં વર્ધમાનકુમારનું ધૈર્ય અલૌકિક ને અદ્વિતીય છે. તેમને ધૈર્યથી ચલાયમાન કરવાને કોઈ દેવ તો શું ઇન્દ્ર પણ સમર્થ નથી.'

આ કથન સર્વ દેવોએ સાંભળ્યું. સાંભળીને એક દેવને વિચાર આવ્યો કે–ઇન્દ્ર પણ ખૂબ કરે છે. સાધારણ માનવીને દેવ પણ ચળાવી ન શકે! કેટલું અસંગત! ચાલ–કયાં દૂર છે. આ હમણાં પરીક્ષા. તે દેવ ક્રીડા કરતા બાળકોના ઉપવનમાં આવ્યો. જે આંબલી ઉપર બાળકો ચડતા હતા, તેના થડમાં એક

કોટર-બખોલમાં ભયંકર ફણીધરનું રૂપ લઈને રહ્યો. ધીરે ધીરે ફુંફાડા મારતો બખોલમાંથી બહાર નીકળ્યો ને આંબલીના થડને વીંટળાઈ ગયો. ફેણ ઊંચી કરી કરી ફુંફાડા મારીને બાળકોને બ્હીવરાવવા લાગ્યો.—ઝાડ પર નહિ ચડેલા બાળકો દૂરથી જ—ને ઝાડ પર ચડેલા ભૂસકો મારતા ભાગ્યા.

આ દૃશ્ય વર્ધમાનકુમારે નીહાળ્યું. અંશ પણ સંક્ષોભ પામ્યા સિવાય-ગભરાયા વગર નાગને પકડીને એક દોરડી ખેંચે તેમ ખેંચ્યો ને દૂર ફેંકી દીધો.

આ પ્રયોગમાં નિષ્ફળ નીવડેલો નાગ-દેવ દૂર દૂર ગયો ને અદૃશ્ય થયો.

વર્ધમાનકુમારે તાળી પાડી બાળકોને બોલાવ્યા ને નવી રમત શરુ થઈ.

પરીક્ષા કરવા આવેલ દેવે પણ બાળકનું રૂપ વિકુર્વ્યું—કર્યું ને રમતમાં ભળી ગયો.

તે રમતમાં એવો નિયમ હતો કે જે જીતે તેને હારેલ બાળક ખભા પર બેસારી અમુક દૂર લઈ જાય. રમતમાં થોડો સમય ગયો ત્યાં દેવ-બાળક બોલી ઊઠ્યો કે હું હાર્યો ને વર્ધમાન જિત્યા.

દેવ-બાળકના ખભા પર વર્ધમાનકુમાર બેઠા. અમુક દૂર જવાને બદલે શીઘ્ર ગતિથી દેવ-બાળક વર્ધમાનકુમારને દૂર દૂર ભયંકર અરણ્યમાં ઉપાડી લાવ્યો. બીજા બાળકો બૂમ પાડવા લાગ્યા. કોલાહલ થઈ ગયો. માણસો એકઠા થઇ ગયા. સર્વે ચિન્તા કરવા લાગ્યા.

આ બાજુ જંગલમાં ગયેલા દેવે વર્ધમાનકુમારને ભય પમાડવા પોતાનું શરીર વધાર્યું-ખૂબ વધાર્યું. આકાશમાં શરીર ઊંચું ને ઊંચું થવા લાગ્યું. જાણે તાડ ઉપર તાડ ને તેની ઉપર તાડ એમ અનેક તાડો ચડાવ્યા હોય એટલું શરીર ઊંચું કર્યું. ખભા પર બેઠેલા વર્ધમાનકુમાર વસ્તુસ્થિતિ પામી ગયા. તેમણે એક મૂઠી ઉપાડીને દેવને મારી. દેવ બન્ને રીતે નમી પડ્યો. તાડ જેવું શરીર નમીને ભોંય ભેગું થઈ ગયું. કુદીને વર્ધમાનકુમાર જમીન પર આવી ગયા. દેવનું અક્કડ મન પણ ગયું-તેનું અભિમાન પણ ઓસરી ગયું. તે પ્રભુના ચરણમાં પડ્યો. બનેલ સર્વ હકીકત કહી, પોતાના અપરાધની ક્ષમા માંગી. પ્રભુને હતા તે સ્થળે મૂકીને દેવસભામાં દેવ ચાલ્યો ગયો.

સભામાં આ હકીકતથી સર્વને આશ્ચર્ય થયું. વર્ધમાનકુમારના ધૈર્યનો પ્રત્યક્ષ વૃત્તાન્ત સાંભળી ઇન્દ્રને પણ ખૂબ આનન્દ થયો ને વર્ધમાનકુમારને 'મહાવીર' નામે સમ્બોધ્યા.

શ્રી ગુણચન્દ્રસૂરિજી પ્રાકૃત મહાવીર ચરિત્રમાં આ હકીકતને નીચે પ્રમાણે ટાંકે છે—

**पुरंदरेणावि अयलो भयभेरवोवसग्गेहिं खंतिखमोय इति**
**काउण वरं महावीरोत्ति नामधेयं से कयंति ।**

લોકપ્રકાશમાં ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ ૩૨ મા સર્ગમાં ૯૭૫ થી ૯૭૮ શ્લોક સુધીમાં ઉપરોક્ત હકીકત જણાવે છે ને તેમાં પ્રમાણ તરીકે એક ગાથા મૂકે છે, તે આ—

**बालत्तणे वि सूरो, पयइए गुरुपरक्कमो भयवं**
**वीरेत्ति कयं नामं, सक्केणं तुट्ठचित्तेणं ॥**

*　　*　　*

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજ યોગશાસ્ત્રમાં 'મહાવીર' નામને માટે જુદો પ્રસંગ જણાવે છે. જ્યારે જન્માભિષેકને માટે પ્રભુને મેરુ-પર્વત પર લઇ ગયા ત્યારે અભિષેક કરતાં પહેલાં ઇન્દ્રને સંશય થયો કે—પ્રભુનું આ તદ્દન નાનું શરીર મોટા સાગરના ધોધ જેવા જલપ્રવાહને કેવી રીતે સહન કરશે? ઇન્દ્રની આ વિચારણાને[1] અવધિજ્ઞાને જાણી, ઇન્દ્રના સંશયને દૂર કરવા અંગૂઠાવડે મેરુપર્વતને દબાવ્યો. મેરુ હચમચી ગયો, ધરતી ધણધણી ઊઠી. સાગર ખળભળી ગયો. સર્વે ભય પામી ગયા. ઇન્દ્ર પણ વિચારમાં પડી ગયા. ઉપયોગ મૂકયો. સમજાયું ને પરમાત્મા પાસે ક્ષમા યાચી. આવી સ્થિતિમાં પણ નિષ્પ્રકમ્પ પ્રભુને જોઇને ઇન્દ્રે 'મહાવીર' એવું નામ સ્થાપ્યું.

ગચ્છાચારપયન્નાની ટીકામાં પણ ઉપરોક્ત પ્રસંગે 'મહાવીર' નામ પડ્યાનું જણાવેલ છે.

*　　*　　*

વાચક શ્રીઉમાસ્વાતિજી મહારાજપ્રણીત તત્ત્વાર્થાધિગમસૂત્ર છે. તે સૂત્રના પ્રારમ્ભમાં અવતરણરૂપ ૩૧ સમ્બન્ધકારિકાઓ તેઓશ્રીની જ રચેલી છે. તેની ૧૩ મી કારકિા આ પ્રમાણે છે.

**शुभसारसत्त्वसंहननवीर्यमाहात्म्यरूपगुणयुक्तः ।**
**जगति महावीर इति, त्रिदशैर्गुणतः कृताभिख्यः ॥ १३ ॥**

તે કારિકાની ટીકામાં શ્રી દેવગુપ્તસૂરિજી મહારાજ જણાવે છે કે—

---

૧ અવધિજ્ઞાન રૂપી દ્રવ્યોને જાણી શકે છે. મનના પુદ્ગલો રૂપી છે. એટલે તે પણ અવધિજ્ઞાનથી જણાય છે ને વિચારણાનું આછું અનુમાન પણ તેથી થઇ શકે છે. મનઃ-પર્યવજ્ઞાનથી વિચારણાઓ વિશુદ્ધ ને તેના વધારે પર્યાયો જણાય છે.

**तदुक्तं हिं प्रवचने—पूर्ववैरसङ्गमसुरोपहितकालचक्रा—
दिसन्निपाताप्रधृष्यत्वादिन्द्रादयो वीरनामानमुच्चैरुचेरुरिति ॥**

સંગમ નામનો એક અભવ્ય દેવતા હતો. જ્યારે સંયમ લઈને ભગવાન્ વિચરતા હતા ત્યારે પૂર્વનાં નિબિડ કર્મના ઉદયે અનેક ઉપસર્ગો ઉપજતા હતા. સમતાભાવે સર્વ ઉપસર્ગોને સ્વામી સહન કરતા હતા. સ્વામીની સહનશીલતા, ધૈર્ય, અડગપણા વગેરે ગુણોની વારંવાર ઇન્દ્ર દેવસભામાં પ્રશંસા કરતા.

એકદા આ સર્વ સંગમથી સહન ન થયું. પ્રભુને પ્રતિજ્ઞાથી પાછા પાડવાની તેણે ઇન્દ્રસભામાં સુરેન્દ્ર સમક્ષ પ્રતિજ્ઞા કરી. પ્રભુને ધૈર્યથી ચલાયમાન કરવાને છ છ માસ સુધી પ્રયત્નો કર્યાં પણ સર્વ નિષ્ફળ ગયા. તેના કરેલા ઉપસર્ગોનું વર્ણન અન્યત્ર વીરચરિત્રમાં વિસ્તારથી છે. સર્વ રીતે તે સંગમ પાછો પડ્યો ને પ્રતિજ્ઞાભ્રષ્ટ થઇ શ્યામ મુખે પાછો વળ્યો. ઇન્દ્રે તેનો ખૂબ તિરસ્કાર કર્યો ને તેને સ્થાનભ્રષ્ટ કરી કાઢી મૂકયો.

આ પ્રસંગે ઇન્દ્ર વગેરે સર્વ દેવો એક સાથે પ્રભુના ધૈર્યને નિરખી વીર-વીર એમ બોલી ઊઠ્યા.

* * *

ઉપર જણાવ્યા પ્રમાણે ત્રણ પ્રસંગે પ્રભુનું 'મહાવીર' નામ પડેલ છે. ત્રણેના સમન્વય માટે એમ કહી શકાય કે મેરુ ચળાવ્યો ત્યારે ઇન્દ્રે 'વીર' કહીને સમ્બોધ્યા હોય. દેવે બાલ્યવયમાં પરીક્ષા કરી ત્યારે 'અતિવીર' કહીને પ્રશંસ્યા હોય, ને સંગમના ઉપસર્ગ સમયે 'મહાવીર' કહ્યા હોય.

પ્રભુના જીવનના વીરતાસૂચક અનેક પ્રસંગો છે. તેમાં આ ત્રણ પ્રસંગો તો અદ્ભૂત છે, પ્રસંગ એકથી એક ચડિયાતો છે.

એ ત્રિલોકબન્ધુ મહાવીરના અનુગામીઓના જીવનમાં આવી વીરતાના ઝરણાંઓ ઝરે એ જ અભિલાષા.

**णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स ॥**

મુનિરાજ શ્રી ધુરન્ધરવિજયજી

# શ્રી મહાવીરનું શાસન—
# એક આદર્શ લોકશાસનતંત્ર

લેખક—શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી

શ્રી પ્રભુ મહાવીરનો ઉપદેશ, પ્રભુનું શાસન અને પ્રભુએ સ્થાપેલ સંઘનું બંધારણુ લોકશાસન તંત્રને કેટલે દરજજે અનુકૂળ અને પોષક છે, તે બતાવવાનો આ લેખમાં યત્કિંચિત્ પ્રયાસ છે.

અત્યારે જગતના રાજકીય ક્ષેત્રમાં બે તંત્રો મુખ્યત્વે પ્રધાનતા ભોગવે છે. એક લોકશાસનતંત્ર અને બીજું સરમુખત્યારી તંત્ર. લોકશાસનતંત્રનું મુખ્ય ધ્યેય એ છે કે–દરેક વ્યકિતને પોતાનો આર્થિક, સામાજિક અને નૈતિક વિકાસ કરવાનો પૂરતો અવકાશ આપવો, તે માટે કેળવણી વિગેરેના પૂરતાં સાધનો ઊભાં કરવા, અને વ્યકિતના ઉદ્ધારથી સમાજનો ઉદ્ધાર ઇચ્છવો. સરમુખત્યારી તંત્ર-(Fascism)માં વ્યકિત ગૌણુ સ્થાન ભોગવે છે. સમાજ અને રાજ્ય મુખ્ય સ્થાન ભોગવે છે. વ્યકિતના ભોગે પણુ સમાજ અને રાજ્યનું શ્રેય ઇચ્છવામાં આવે છે. કેળવણી પણુ નાનપણુથી એવી આપવામાં આવે છે કે દરેક યુવક અંગત સુખ-દુઃખોની પરવા ન કરતાં દેશ કે રાજ્ય માટે સ્વાર્પણુ કરવાની તમન્ના સેવતો થાય છે. જર્મની, ઇટલી, રશિયામાં આવા પ્રકારનું માનસ ઘડવામાં આવ્યું હતું, અને તેવા માનસથી જ છેલ્લી મોટી લડાઇ લડવામાં આવી હતી. અને ન કલ્પી શકાય એવા અપૂર્વ ભોગો તે દેશના માણુસોએ આપેલા આપણી દૃષ્ટિગોચર થયા છે. આપણી આર્યસંસ્કૃતિ જુદા પ્રકારની છે. આત્માનો ઉદ્ધાર એ આર્યધર્મો અને આર્યસંસ્કૃતિનું મુખ્ય ધ્યેય છે. આત્માનું પતન થતું હોય તેવી કોઇ રાજકીય પ્રવૃત્તિ કે તંત્રને આર્યસંસ્કૃતિમાં ઓછું સ્થાન છે. સરમુખત્યારી તંત્ર લડાઇ માટે પ્રજાને તૈયાર કરે છે, હિંસક વૃત્તિને પોષે છે, તેમાં ધર્મને સ્થાન નથી. લડાઇમાં આર્ત્ત અને રૌદ્ર ધ્યાનમાં મરતાં યોદ્ધાઓ નરકમાં જાય છે, એવું ભગવાન મહાવીરે પ્રતિપાદન કરેલ છે. અને તેમ બતાવીને એવા રાજ્યતંત્રનો નિષેધ કર્યો છે.

મહાવીર ભગવાન એક ક્ષત્રિય હતા. તેમના પિતા વિગેરે ગણુરાજ એટલે નાના નાના ક્ષત્રિયસમૂહના અગ્રગણ્ય હતા. તેમનું રાજ્ય જુદા જુદા ગણાધિપતિઓની બહુમતિથી ચાલતું હતું, તેમાં એકહથ્થુ સત્તા ન હતી. દરેક વ્યક્તિને પોતાનો અભિપ્રાય આપવાનો હક્ક હતો. તેઓના સમૂહગત અભિપ્રાય પ્રમાણે રાજ્યના કાયદા અને રાજ્યની વ્યવસ્થા ચાલતી હતી. એટલે રાજ્યતંત્ર એક

રાજા કે વ્યક્તિના હાથમાં ન હતું, પણ આખી પ્રજાના હાથમાં હતું અને પ્રજાનો અવાજ રાજ્યશાસનનો નિયામક હતો. ત્યારપછીના કાળમાં રાજ્યસત્તા લોકોના હાથમાંથી ધીમે ધીમે સરકવા માંડી અને અમુક માણુસો અથવા અમુક એક માણુસના હાથમાં એકહથ્થુ સત્તા જવા માંડી હતી તે પણ તે વખતના સાહિત્ય ઉપરથી જોવામાં આવે છે. તેનું કારણ લોકોમાં વિલાસી જીવન વધતું ગયું જોવામાં આવે છે, માટે જ પ્રભુએ વિલાસનો નિગ્રહ કરવા અને સંયમને સ્થાન આપવા સચોટ ઉપદેશ કર્યો જોવામાં આવે છે.

લોકતંત્ર તે તંત્રમાં સમાવેશ થતા મનુષ્યોના સામર્થ્ય ઉપર જ નભી શકે છે. માણુસનું સામર્થ્ય તેના તન, મન અને આત્મબળ ઉપર રહે છે. મહાવીર ભગવાનનું ચરિત્ર વાંચતા આપણુને જણાય છે કે શરીરસંપત્તિ કેળવવા અને દૃઢ રાખવા તે વખતના મનુષ્યો કેવા કેવા પ્રકારની અંગકસરતો કરતા હતા. અંગકસરતોમાં જુદા જુદા યુવાનો હરીફાઇ કરતા હતા. તેના જાહેરમાં જલસા થતા હતા, જે જોવામાં સમગ્ર પ્રજા રસ લેતી હતી. અને વીર્યવાન યુવકોની પ્રશંસા થતી હતી અને પારિતોષિકો આપવામાં આવતા હતા. મહાવીરે બાલ્યાવસ્થામાં એક દુર્દૈવનો પોતાની મુષ્ટિવડે પ્રતિકાર કર્યો હતો તે બતાવે છે કે મહાવીર કુમારે કેવું અંગબળ કેળવ્યું હતું. ટૂંકામાં લોકશાસનનો મુખ્ય આધાર પ્રજાના અંગબળ ઉપર છે અને તે અંગબળ કેળવ્યાના અનેક દૃષ્ટાંતો ચરિત્રો ઉપરથી જોવામાં આવે છે. હાલના વખતમાં અને તેમાં પણ આપણા જૈનોમાં શરીરસંપત્તિ પ્રાપ્ત કરવામાં અને કેળવવામાં ઘણું દુર્લક્ષ્ય અપાય છે. આપણામાં ભાગ્યેજ દશ ટકા માણુસો નીકળે કે જેના વિમા પહેલા વર્ગમાં વિમા કંપનીઓ પસંદ કરે. પચાસ ટકા જેટલા તો વિમા માટે નાલાયક ગણાય. આ શરીર નિર્બળતાના અનેક કારણો છે, જેનું વિવેચન આ સ્થળે અપ્રાસંગિક છે. પણ એવું કોઇ કહેતું હોય કે શરીરની સંભાળ ન રાખવી તેવો જૈનધર્મનો સીધી કે આડકતરી રીતે આદેશ કે ઉપદેશ છે, તો તે હકીકત શલાકાચરિત્રો વાંચવાથી અને શ્રી મહાવીરની કથા વાંચવાથી ખોટી ઠરે છે. ધર્મનું મુખ્ય સાધન શરીર છે એવું અન્ય ગ્રંથકારો કહે છે તે પ્રમાણે જૈન ગ્રંથકારો પણ કહે છે. પ્રભુ મહાવીરે તો સાધુમાર્ગથી ગૃહસ્થમાર્ગ જુદો બતાવ્યો છે અને ગૃહસ્થને તો પોતાના કુટુંબના, પોતાના ધર્મના અને દેશના રક્ષણ માટે યોગ્ય તાલીમ લેવાની અને શરીર સામર્થ્ય કેળવવાની જરૂરીયાત બતાવી છે. સાથે સાથે દેશકાળની સ્થિતિ પણ જોવાની રહે છે એટલે લોકશાસન તંત્રનું પહેલું સૂત્ર કે તે તંત્રના પ્રજાજનો શરીરશક્તિસંપન્ન હોવા જોઇએ તે ભગવાનના ચરિત્ર ઉપરથી અને તે સમયના માણુસોના વ્યવહારથી સિદ્ધ થાય છે.

લોકશાસન તંત્રમાં શરીરસંપત્તિની આવશ્યકતા છે, તેવી જ આવશ્યકતા આર્થિક સંપત્તિની છે. આવા શાસનમાં ધનધાન્યની વિપુલતા હોવી જોઇએ અને

કોઇ માણસ ધનના કારણે દુઃખી ન હોવો જોઇએ. શ્રી મહાવીર પ્રભુના સમયમાં પ્રજાજનો ધનધાન્યથી સુખી હતા. શ્રાવકોના વૃત્તાંતો ઉપરથી જોવામાં આવે છે કે પ્રજાજનોના ભંડારો ખાલી ન હતા. પોતાને માટે દ્રવ્ય વાપરતા એટલું જ નહિ પણ પરમાર્થના કામમાં પણ અઢળક દ્રવ્ય વાપરી શકતા; પરંતુ તે સમયમાં અર્થની ભાવના હાલ જેવી શુષ્ક અને સંકુચિત ન હતી. દરેક શ્રાવક પોતાના સુખની જેટલી વાંછના કરતો તેટલી જ વાંછના બીજા કોઇ દુઃખી ન થાય તેવી રાખતો. પોતાના દ્રવ્યનો ઉપયોગ સાર્વજનિક રીતે થઇ શકે તે માટે નીતિ અને ધર્મમાં માર્ગો બતાવ્યા હતા. સંયુક્ત કુટુંબની પ્રથા એ તેનો એક માર્ગ છે. કુટુંબના દરેક સરખી શક્તિવાળા ન હોય છતાં દરેકને કુટુંબમાં સરખું સ્થાન મળતું. સ્ત્રીઓ અને બાળકોને પણ કુટુંબનું રક્ષણ મળતું. તે વખતે અત્યારે ઉત્પન્ન કરવામાં આવે છે તેવા અનાથ આશ્રમોની જરૂરીયાત ન હતી. અનાથોને કુટુંબમાંથી અને જ્ઞાતિ કે સમાજમાંથી રક્ષણ મળતું. દરેક જણને પોતાના નિર્વાહ માટે પૂરતું મળી શકે, અને એક બીજાનું ઝુંટવીને ખાવાની પશુવૃત્તિ ન થાય તે માટે દ્રવ્ય ઉપર પણ "પરિગ્રહપ્રમાણ"રૂપ અંકુશ ભગવાને મૂકયો હતો. અને અપરિગ્રહને એક મહાવ્રત ગણુવામાં આવ્યું હતું. અત્યારની પ્રજા પ્રજા અને દેશ દેશ વચ્ચે વૈમનસ્ય અને વિદ્વેષનું કારણ આર્થિક ક્ષેત્રમાં રહેલું છે. દરેક દેશ અને દરેક પ્રજાને બીજાનું ઝુંટવી લઈ સમૃદ્ધ બનવું છે. અને તેવી સંપત્તિથી બીજા ઉપર સામ્રાજ્ય ભોગવવું છે. પ્રભુ મહાવીરના શાસનમાં તેવી અનિષ્ટ વૃત્તિનો મૂળથી જ નિષેધ કર્યો છે. જરૂરીયાતો ઓછી કરો, જરૂરીયાત પૂરતું દ્રવ્ય પ્રાપ્ત કરો, દ્રવ્ય સંગ્રહની પણ મર્યાદા બાંધો, વધારે મળે તે સત્કાર્યમાં વાપરો નાંખો, તેમાં જ પૂન્ય છે, તેથી વિરુદ્ધ વૃત્તિ પાપ છે, પાપની પોષક છે, આત્મિક જીવનનું અધઃપતન કરનારી છે, માટે તે વૃત્તિને, તેવી તૃષ્ણાને પોષો નહિ. એવો ભગવાનનો સચોટ ઉપદેશ અને માર્ગ છે. એટલે લોકશાસન તંત્રનું બીજું સૂત્ર કે તેમાં આર્થિક અસમાનતા વિષમ ન હોવી જોઇએ, દરેક વ્યક્તિ સુખશાંતિથી રહી શકે, પોતાનો નિર્વાહ ચલાવી શકે તેવી આર્થિક ઘટના હોવી જોઇએ, તે માટે દાન અને પરિગ્રહના નિયમો હોવા જોઇએ. આવી ભાવના મહાવીરના શાસનમાં પ્રવર્તે છે અને તેવી ભાવનાને પોષવામાં આવે છે તે દૃષ્ટિએ લોકશાસન તંત્રને મહાવીરનું શાસન અનુરૂપ છે એટલું જ નહિ પણ પોષક અને વર્ધક છે.

લોકશાસન તંત્રની ત્રીજી આવશ્યકતા એ છે કે–તેમાં જાતિ અને વર્ણના ભેદ વિના દરેક વ્યક્તિને આત્મવિકાસનો પૂરતો અવકાશ હોવો જોઇએ. 'બ્રાહ્મણોને મોક્ષ મળી શકે, અને શૂદ્રોને અધિકાર જ નહિ. ગોરાઓ જ રાજ્ય કરવાને લાયક, અને કાળાઓ તો તેમની ગુલામી કરવાને સર્જાયેલા, પુરુષોને અમુક ધર્મપ્રાપ્તિના અધિકાર અને સ્ત્રીઓને નહિ' આવા પ્રકારના ઉચ્ચ નીચના

ભેદો સાચા લોકશાસન તંત્રમાં ન હોઇ શકે. અને એવા ભેદો હોય તો તે પ્રજાશાસન તંત્ર ન કહેવાય. પ્રજાશાસન તંત્રમાં તો દરેક વ્યક્તિ તરફ માનવતા તરીકેનું સન્માન હોવું જોઇએ. મહાવીર પ્રભુએ પોતાના શાસનના સમાજક્ષેત્રને કેટલું પલ્લવિત કરેલ છે, તે તો તે પ્રભુના શાસનના યત્કિંચિત્ અભ્યાસીને પણ પ્રત્યક્ષ જોવામાં આવે છે. પ્રભુના શાસનમાં ઉચ્ચ નીચ જાતિ કે વર્ણના ભેદો નથી. ગમે તે જાતિમાં ઉત્પન્ન થયેલ ભવ્ય જીવ ધર્મનો અને મોક્ષનો અધિકારી છે. શ્રમણ માર્ગ સહુને માટે ખુલ્લો છે. સ્ત્રી પણ મોક્ષને લાયક છે. જૈન લૉ–અર્હન્નીતિમાં સ્ત્રીઓ અને વિધવાઓને વિશિષ્ટ અધિકારો આપવામાં આવ્યા છે. આપણામાં અત્યારે જે કાંઇ ઉચ્ચ નીચના ભેદો જોવામાં આવતા હોય તે ભગવાનના શાસનની એક વિકૃતિ છે, શાસનના સ્વરૂપમાં નથી. અન્ય ધર્મો અને અન્ય પ્રજાના સહવાસ અને અનુકરણથી ઉત્પન્ન થયેલ છે. ટૂંકામાં મહાવીરનું શાસન સામાજિક ક્ષેત્રમાં લોકશાસન તંત્રનું પોષક, પ્રેરક અને વર્ધક છે. તેના અંશે અંશમાં માનવજાતિની સમાનતાનું દર્શન કરાવવામાં આવે છે.

માનવજાતિની સમાનતાનો ઉપદેશ મહાવીરના શાસનમાં સમાજના સંરક્ષણ માટે જ આપવામાં આવ્યો નથી. તેની પ્રાથમિક ભૂમિકા ફક્ત સમાજને ઉદ્દેશીને રચાયેલી નથી પણ તેના મૂળ નીતિ અને ધર્મની પ્રરૂપણામાં રહેલા છે. આત્માનો ઉદ્ધાર એ મુખ્ય ઉદ્દેશ છે. સર્વ જીવોમાં આત્મતત્વ સમાન છે, જીવોની ભિન્નતા તો કર્મજન્ય ઉપાધિથી છે. દરેક જીવોને આ સંસારયાત્રામાં પોતાનો વિકાસ સાધવાનો પૂર્ણ અધિકાર છે, કોઇ એક જીવને તેના વિકાસક્રમમાં અવરોધ કરવો તે પાપ છે, કર્મના સનાતન નિયમથી વિરુદ્ધ છે. આ પ્રમાણે દરેક મનુષ્યની સમાનતા ધર્મદૃષ્ટિથી મહાવીરના શાસનમાં પ્રરૂપાયેલ છે. એટલે લોકશાસન તંત્રમાં મનુષ્યોની સમાનતાની ભાવના વ્યવહાર માર્ગ ઉપર સ્થપાયેલ છે, તે જ ભાવના પ્રભુના શાસનમાં ધર્મમાર્ગ, આત્મકલ્યાણના સિદ્ધાંતથી નિશ્ચયમાર્ગ ઉપર સ્થપાયેલ છે.

ટૂંકામાં શ્રી મહાવીર ભગવાનના ધર્મમાં લોકશાસન તંત્રનું તાત્ત્વિક દર્શન થાય છે, તેને ફક્ત વ્યવહારની ભૂમિકા ઉપર નહિ પણ ધર્મની ભૂમિકા ઉપર સ્થાપિત કરેલ છે.

શ્રી મહાવીર ભગવાનનું જન્મકલ્યાણક ચૈત્ર શુદ ૧૩ ના રોજ આવે છે. એટલે તેને ચોવીસસો ઉપરાંત વર્ષો થયા છે. હિંદુસ્તાનમાં–આપણા આર્યાવર્તમાં લોકશાસન તંત્રની પ્રથમ સંવત્સરી છે. ઇતિહાસમાં ન જોયેલ એવી અખંડ હિંદુસ્તાનની એકતા ફલિભૂત થવાના દૈવી ચિન્હો જણાય છે, તે એકતાની ભાવના સફળ થાઓ, સત્વર સફલ થાઓ અને સર્વ લોકો સુખી થાઓ એવી ભગવાનના મંગળમય દિવસે આપણી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

# પ્રભુ મહાવીર અને રાજા શ્રેણિક

## [ એક ઐતિહાસિક સંકલના ]

લેખક—આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ.

આ લેખમાં આચાર્યશ્રીએ ઐતિહાસિક દષ્ટિએ જે પ્રરૂપણા કરેલ છે તે સંબંધમાં અન્ય લેખક મહાશયો વિશેષ અજવાળું પાડી શકે તેવા લખાણો મોકલશે તો તેવા લેખોને યથાયોગ્ય સ્થાન આપવામાં આવશે.

વર્તમાન શાસનાધિપતિ–પ્રભુ શ્રી મહાવીરદેવ આ ચોવીશીના છેલ્લા તીર્થંકર હતા. અને રાજા શ્રેણિક એ ક્ષાયિકસમ્યગ્દષ્ટિ શ્રમણોપાસક હતા. તેઓ દરેક પદાર્થમાંથી ગુણને ગ્રહણ કરનારા હતા તેમજ પ્રભુભક્તિના દઢ રાગી હતા. તેમના જીવનને અંગે સમ્રાટ્ ચંદ્રગુપ્ત વગેરે ઐતિહાસિક ગ્રંથમાંથી જાણવા જેવી બીના મળેલી તે ભવ્યજીવોને બોધદાયક જાણી નીચે પ્રમાણે જણાવું છું—

૧. શ્રેણિક રાજા ૨૦ વર્ષની ઉમરે રાજ્ય પામ્યા.

૨. ગૌતમબુદ્ધ ૨૧ વર્ષના હતા ત્યારે પ્રભુશ્રી મહાવીર દેવનો જન્મ થયો. એટલે ઇ. સ. પૂર્વે ૫૯૮ મા વર્ષે પ્રભુ શ્રી મહાવીરનો જન્મ થયો. ઇસ્વીસન પૂર્વે ૫૬૮ માં પ્રભુશ્રી મહાવીર દેવે દીક્ષા લીધી. પ્રભુશ્રી મહાવીર દેવથી ગૌતમબુદ્ધ ૨૧ વર્ષે મોટા હતા.

૩. પ્રભુશ્રી મહાવીર દેવ ૪૨ વર્ષ, ૬ મહિના ને ૧૫ દિવસની ઉમરે કેવલી થયા, તે વખતે શ્રેણિક રાજાના રાજ્યકાલના ૩૩ વર્ષો વીત્યા હતા. ઉપર જણાવ્યા મુજબ શ્રેણિક ૨૦ વર્ષની ઉંમરે રાજા થયા હતા તે અપેક્ષાએ પ્રભુ વીર કેવલી થયા ત્યારે શ્રેણિક રાજાની ઉંમર ૫૩ વર્ષની ગણાય. એટલે ૨૦+૩૩=૫૩ આમાંથી ૪૨ વર્ષ, ૬ માસ અને ૧૫ દિન બાદ કરતાં ૧૦ વર્ષ પાંચ મહિના, ને પંદર દિવસ આવે–બંનેની ઉમરમાં આટલો ફરક સમજવો. એટલે પ્રભુશ્રી મહાવીર દેવથી શ્રેણિક રાજા ૧૦ વર્ષ, ૫ માસ અને ૧૫ દિન મોટા હતા.

૪. શ્રેણિક રાજા ચેડા મહારાજાના જમાઇ થાય, કારણ કે હૈહય વંશના તે ચેડા રાજાની જે ચેલણા કુંવરી તે શ્રેણિક રાજાની પત્ની થાય. જ્યારે ચેલણાને હરણ કરી લાવ્યા, તે વખતે રાજા શ્રેણિકની ઉમર ૪૦ વર્ષની હતી. ત્રિશલા માતા ચેડા મહારાજાની બહેન થાય. આ રીતે પૂર્વાવસ્થાની અપેક્ષાએ પ્રભુશ્રી મહાવીર દેવના શ્રેણિક રાજા બનેવી થાય ને ચેટક (ચેડા) મહારાજા મામા થાય.

૫. શ્રેણિક મહારાજાને એક વખત અનાથી મુનિનો સમાગમ થયો. ત્યારે તે હજુ જૈનધર્મ પામ્યા ન હતા એટલે બૌદ્ધધર્મી હતા. તેણે અનાથી મુનિને સંસારમાં ખેંચવા માટે બહુ સમજાવ્યા ને કહ્યું કે–તમારો કોઇ નાથ ન હોય, તો હું તમારો નાથ થવા

તૈયાર છું. આ પ્રસંગે સંયમવીર અનાથી મુનિએ શ્રેણિકરાજાને નાથ થવાની યથાર્થ લાયકાત કોણ ધરાવી શકે ? આ પ્રશ્નનો ઉત્તર વિસ્તારથી સમજાવ્યો. વચમાં પ્રસંગે જૈન-ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવતાં જૈનધર્મી બન્યા. બીજા ગ્રંથોમાં એમ પણ જણાવ્યું છે કે—સુજયેષ્ઠાથી નાની ચેલણા રાણીએ દેવગુરુધર્મનું સ્વરૂપ સમજાવ્યું, તેથી શ્રેણિકરાજા જૈનધર્મી થયા. તે પછી કેટલાક વર્ષો વીત્યા બાદ પ્રભુશ્રી મહાવીર દેવ કેવલી થયા.

૬. રાજ્ય મળ્યા પછી શ્રેણિકની સાથે ધારિણી કુંવરીના લગ્ન થયા.

૭. વાહીકુળદીપક શ્રેણિક રાજાને રાજા થયે ૧૫ વર્ષો વીત્યા બાદ અભયકુમારનો જન્મ થયો, તે વખતે શ્રેણિક રાજાની ઉંમર ૩૫ વર્ષની ગણાય.

૮. સુનંદા( અભયકુમારની માતા )ના પિતાનું નામ–ઇંદ્રદત્ત શેઠ.

૯. બેન્નાતટથી ૨૦ દિવસે માતા સુનંદાની સાથે અભયકુમાર રાજગૃહી નગરીમાં પોતાના પિતાને મળ્યો. તે વખતે તેની ઉંમર લગભગ ૧૫ વર્ષની હતી. રાજા શ્રેણિકની ઉંમર ૫૦ વર્ષની, અને સુનંદાની ઉંમર ૩૨ વર્ષની હતી.

૧૦. શ્રેણિક રાજાનું બીજું નામ–નાની ઉંમરમાં ભંભસાર હતું છતાં કેટલાક ગ્રંથોમાં બિંબિસાર નામ પણ જણાવ્યું છે.

૧૧. અજાતશત્રુ અને અશોક એ બે કોણિક રાજાના અપરનામ છે.

૧૨. શ્રેણિક રાજાને સુરસેના નામે બ્હેન હતી. તેની પુત્રી સાથે અભયકુમારના લગ્ન થયા હતા. તેવો રિવાજ પૂર્વે ક્ષત્રિયોમાં હતો, એમ જણાય છે.

૧૩. કોશલપતિની દીકરી પદ્માવતી સાથે રાજા કોણિકના લગ્ન થયા હતા. તેને ઉદાયન નામે કુંવર હતો.

૧૪. પ્રભુ મહાવીરના નિર્વાણથી એક વર્ષ પહેલા લગભગ ૮૨–૮૩ વર્ષની ઉંમરે રાજા શ્રેણિક મરણ પામી પહેલી નરકે ગયા.

૧૫. ચેડા મહારાજની પ્રભાવતી કુંવરીના લગ્ન ઉદાયન રાજા સાથે, અને શિવા-કુંવરીના લગ્ન ચંડપ્રદ્યોત સાથે થયા હતા, તેથી તે બે રાજાઓ પણ પ્રભુશ્રી મહાવીર દેવના બનેવી થાય.

૧૬. જ્ઞાત ક્ષત્રિઓમાં–લિચ્છવી વગેરે નવ જાતના ક્ષત્રિયોનો સમાવેશ થાય છે, અને નવ લિચ્છવીના નવમલ્લકી વગેરે ભેદો જાણવા.

૧૭. જેણે શ્રેણિક રાજાની હયાતીમાં જ દીક્ષા લીધી હતી તે અભયકુમારની ઉંમર તેના પિતા મરણ પામ્યા ત્યારે ૪૭ વર્ષની હતી.

૧૮ ગૌતમ બુદ્ધનો જન્મ ઇસ્વી સન પૂર્વે ૬૨૧ માં અને લગભગ ૬૧૧ માં શ્રેણિક રાજાનો જન્મ થયો. આ અપેક્ષાએ એમ કહી શકાય કે, બુદ્ધના જન્મ પછી ૧૦ વર્ષે રાજા શ્રેણિકનો જન્મ થયો.

૧૯ જયેષ્ઠા કુંવરી નંદીવર્ધન રાજાની રાણી થાય, તેની બ્હેન સુજયેષ્ઠાએ પ્રભુશ્રી

મહાવીર દેવની પાસે દીક્ષા લીધી હતી. ભગવતીસૂત્રમાં પ્રભુશ્રી મહાવીર દેવને પ્રશ્ન પૂછનારી જયંતી શ્રાવિકા શતાનીક રાજાની બ્હેન અને મૃગાવતી રાણીની નણંદ થાય. ચંદનબાલાની માતાનું નામ ધારિણી, પિતાનું નામ દધિવાહન રાજા, તે પ્રભુશ્રી મહાવીર દેવના બનેવી થાય; કારણ કે, પ્રભુના મામા ચેડા મહારાજાની પુત્રી પદ્માવતીના લગ્ન દધિવાહન રાજા સાથે થયા હતા.

૨૦. જે પિતા પુત્રને કુગતિના માર્ગે ન દોરે, ને તે રસ્તે જતાં અટકાવે, તે જ આદર્શ પિતા કહેવાય. આ બાબતમાં ઉદાયન રાજાની બીના યાદ રાખવા જેવી એ છે કે-જ્યારે કેવલજ્ઞાનથી ઉદાયન રાજાનો દીક્ષા લેવાનો વિચાર જાણી પ્રભુશ્રી મહાવીર દેવ પધાર્યા ત્યારે ઉદાયન રાજા વિચારે છે કે, રાજ્ય કોને સોંપવું? જો પુત્રને સોંપું તો તે રાજ્યની સાહ્યબીમાં આસક્ત થઈ દુર્ગતિ પામશે. આ વિચારથી તેણે પોતાના ભાણેજ કેશિકુમારને રાજ્ય ભળાવી, પ્રભુશ્રી મહાવીર દેવની પાસે દીક્ષા લીધી.

૨૧. પ્રભુશ્રી મહાવીર દેવના માતા પિતા વગેરે કુટુંબી જનોના આયુષ્યને અંગે જરૂરી બિના આ પ્રમાણે મળી છે—

| | આયુષ્ય વર્ષ |
|---|---|
| સિદ્ધાર્થ | ૮૭ |
| ત્રિશલારાણી (ચેડા મહારાજા-બ્હેન થાય). | ૫૮ |
| નંદીવર્ધન (પ્રભુ મહાવીર-ના મોટા ભાઈ) | ૯૮ |
| યશોદા | ૦ |
| સુદર્શના બ્હેન | ૮૫ |
| પ્રિયદર્શના પુત્રી | ૮૫ |
| ઋષભદત્ત બ્રાહ્મણ | ૧૦૦ |
| દેવાનંદા બ્રાહ્મણી | ૧૦૫ |
| સુપાર્શ્વ રાજા (સિદ્ધાર્થ રાજા-ના ભાઈ, અને પ્રભુશ્રી મહાવીર-ના કાકા થાય). | ૯૦ |
| પ્રભુશ્રી મહાવીર દેવ | ૭૨ |

॥ વધુ બીના ॥

(૧) પ્રભુશ્રી મહાવીર દેવનો જન્મ વિક્રમ સંવતની પહેલા ૫૪૨ વર્ષ પૂર્વે થયો. (૨) પ્રભુશ્રી મહાવીર દેવનું નિર્વાણ વિક્રમ સંવતની પહેલાં ૪૭૦ વર્ષ પૂર્વે થયું. (૩) સિદ્ધાર્થ રાજા અને ત્રિશલારાણી સ્વર્ગે ગયા ત્યારે પ્રભુશ્રી મહાવીર દેવની ઉંમર ૨૮ વર્ષની હતી.

| વીરજન્મ સંવત | ઇસ્વી સન પૂર્વે | બનેલી બીના |
|---|---|---|
| ૫ | ૫૯૩ | આમલકી ક્રીડાનો પ્રસંગ, દેવે પરીક્ષા કરી, પ્રભુશ્રી વર્ધમાન-કુમાર, મહાવીર નામથી પ્રસિદ્ધ થયા. |
| ૭ | ૫૯૧ | વર્ધમાન કુમારને નિશાળે બેસાડ્યા, ઇંદ્રને વર્ધમાનકુમારને પરસ્પર પ્રશ્નોત્તર થયા. જૈનેન્દ્રવ્યાકરણની રચના થઈ. |
| ૧૬–૨૦ | ૫૮૨ થી ૫૭૮ | વર્ધમાનકુમારનું યશોદા નામની રાજકુંવરી સાથે પાણિગ્રહણ. |

આ રીતે પ્રભુશ્રી મહાવીર દેવના અને શ્રેણિક રાજાના જીવનને અંગે જરૂરી બોધદાયક બીના ટૂંકામાં જણાવી દીધી. આ બેમાં એક ( પ્રભુશ્રી મહાવીર ) તીર્થંકર થઇ ગયા ને એક ( શ્રેણિક ) આવતી ચોવીશીમાં પહેલા પદ્મનાભ નામના તીર્થંકર થવાના છે. સૂક્ષ્મદૃષ્ટિએ તે બંનેના જીવનનો વિચાર કરતાં પ્રભુશ્રી મહાવીરના જીવનમાંથી ૧–અપૂર્વ પુણ્યાઈ. ૨–ગંભીરતા. ૩–નિર્લેપતા. ૪–નિર્મમદશા. ૪–સત્યદૃષ્ટિ. ૬–સમતા. ૭–ક્ષમા. ૮–ધૈર્ય. ૯–પરોપકારરસિકતા. ૧૦–સ્વાશ્રયિતા. ૧૧–સહનશીલતા વગેરે તત્ત્વોનું રહસ્ય જાણવાનું મળે છે. ને શ્રેણિક રાજાના જીવનમાંથી ૧–અલૌકિક બુદ્ધિબલ. ૧–સત્યમાર્ગની પિછાણ. ૩–ગુણગ્રાહિતા. ૪–પ્રવચનપ્રભાવના. ૫–કર્મના બંધકાલની અને ઉદયકાલની વિલક્ષણતા. ૬–દુર્ગતિનો ભય. ૭–કર્મ સિદ્ધાંતની અચલતા. ૮–પ્રભુ અરિહંતદેવની અખંડ ભક્તિ. ૯–પુત્રની મમતાથી થતી વિવિધ પ્રવૃત્તિ. ૧૦–જેને માટે વિવિધ કષ્ટો સહન કર્યાં, અનેક જાતનાં તેવાં પાપકર્મો કર્યાં કે, જે કર્મો પોતે જ ભોગવશે પણ પુત્ર તેમાં ભાગ લેવાનો નથી. તે જ સ્વાર્થાંધ પુત્ર તરફથી વૃદ્ધાવસ્થા છતાં કેવી કેવી વિડંબનાઓ ભોગવવી પડે છે ? તેનો યથાર્થ ચિતાર. ૧૧–કયા નિમિત્તે શ્રેણિકને કોણિકે કદર્થના કરી, ને તેને હીરાકણી ચૂસીને પાંજરામાં પ્રાણત્યાગ કરવો પડ્યો વગેરે બોધદાયક બિના જાણવા જેવી મળે છે. પ્રસંગે જણાવેલા બીજા ચેડા મહારાજા વગેરે પણ, શ્રી જૈનેન્દ્રશાસનનું પરમ ઉપાસક–શ્રાવકપણું વગેરે ગુણોથી વિભૂષિત હતા. કેટલાએક નિર્મલ સંયમધર્મના પણ પરમ સાધક હતા.

ભવ્ય જીવો ઉપર જણાવેલા પ્રભુ શ્રી મહાવીર દેવ વગેરે લોકોત્તર પુરુષાદિના પવિત્ર જીવનનું રહસ્ય વિચારી, તેમના જેવા ગુણવંત બની, તેમણે આરાધેલા મોક્ષમાર્ગની સાત્ત્વિકી સાધના કરી પરમાનન્દમય મુક્તિના અવ્યાબાધ સુખ પામે, એ જ હાર્દિક ભાવના.

## ઉપદેશક દુહા

જ્ઞાન સમો કો ધન નહીં, સમતા સમું ન સુખ;
જીવિત સમ આશા નહીં, લોભ સમો નહીં દુઃખ.

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય;
જ્ઞાની ભોગવે ધૈર્ય શું, મૂરખ ભોગવે રોય.

વિદ્યા પહેલી વય વિષે, બીજી વયમાં ધન;
ન ગ્રહે ધર્મ ત્રીજી વયે, નિષ્ફળ ખોયું તન.

# બહુસાલ ઉદ્યાનમાં શ્રી મહાવીર

પ્રતિવર્ષ શ્રી કલ્પસૂત્રમાં ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામીના જીવન સંબંધી લંબાણથી શ્રવણ કરવાનું આવતાં છતાં સાચી મહત્તા અને તીર્થંકર તરીકે પૃથ્વીતળ ઉપર ભ્રમણ કરી સંખ્યાબંધ આત્માના કરેલ ઉદ્ધાર સંબંધમાં ઘણું જ ઓછું જાણવાનું પ્રાપ્ત થાય છે, કેમકે કેવળજ્ઞાન પછીના આ ત્રીશ વર્ષોની માત્ર ચોમાસાના સ્થાન તરીકે નોંધ લેવાયા સિવાય ઉક્ત વ્યાખ્યાનમાં વિશેષ કંઇ જ કહેવાયું નથી. 'સવિ જીવ કરૂં શાસન-રસી ' જેવી વિશાળ, ઉદાત્ત અને ઉદાર ભાવના જીવનમાં ઓતપ્રોત કરનાર સંત જે મહાન્ ઉપકાર કરી ગયા, અરે ! મહામાહણ અને મહાસાર્થવાહ તરીકેની ખ્યાતિને વર્યા એ જાણવા સારુ તો અન્ય ગ્રંથો અને અંગોપાંગમાં વર્ણવાયેલા જુદા જુદા પ્રસંગો અવલોકવા જોઇએ.

આવા એક પ્રસંગ તરફ નજર ફેરવીએ. વિહાર કરતાં શ્રમણ ભગવાન્ રાજગૃહથી વિદેહની દિશામાં આગળ વધ્યા. ગામ અને નગરમાં ધર્મપ્રચાર કરતા બ્રાહ્મણકુંડ શહેરની બહારના બહુસાલ ઉદ્યાનમાં પધાર્યા.

બ્રાહ્મણકુંડના પ્રતિષ્ઠિત કોડાલગોત્રીય બ્રાહ્મણ ઋષભદત્તના કર્ણે આ સમાચાર આવ્યા. તેમની ધર્મપત્નીનું નામ દેવાનન્દા હતું અને ગોત્ર જાલંધર હતું. ઉભય દંપતી ગામમાં કર્તાકારવતા અને સલાહ પૂછવા યોગ્ય મનાતા. જન્મે દ્વિજ હોવા છતાં જ્ઞાનસુધારસનું પાન કરવાથી ઉદાર વિચારના અને પવિત્ર આચારવાળા–સત્યના ગવેષક બન્યા હતા. વાનપ્રસ્થ આશ્રમમાં પગ માંડી ચૂકેલા આ પતિ–પત્ની પોતાના આંગણે સંતના પગલાં થયાનું જાણતાં જ ભક્તિભર હૃદયે એમની વાણી સાંભળવા દોડી જતાં. ' સારું તે મારું ' માની દરેક દર્શનમાંથી સારભૂત વાતો ઉચકી લઇ, પોતાના જીવનમાં પૂર્ણપણે પચાવી લેતા.

જ્યારથી દેવાનંદાએ સ્વપ્નાવસ્થામાં ચૌદ મહાસ્વપ્નો હરાઇ જતાં જોયા ત્યારથી તેણીના હૃદયના ઊંડાણમાં એક શંકાએ ઘર કર્યું હતું. એ વેળાથી જ પોતે હીનપુન્યા છે એવી માન્યતા ધરાવતી બની હતી. રમણીય સ્વપ્ન આવ્યા અને જુજ સમયમાં ગયા એ પાછળ વિધાતાની કંઇક વિચિત્ર રમત છે એમ અવધારવા છતાં એનો ઊકેલ આણી શકી નહોતી ! દુનિયાદારીના વૈભવમાં ઉભરાતી સ્થિતિએ હોવા છતાં એ તરફ એને વિરાગ ઉપજ્યો હતો ત્યારથી સંતસમાગમ એ જીવનનું ધ્યેય થઇ પડયું. તક મળતાં મનમાં સંઘરેલી શંકાનું નિરાકરણ કરવાની વાત જવા નહીં દેતી પણ હજુ સુધી એ આશા ફળી નહોતી.

ઐહિક અને પારલૌકિક કલ્યાણની અભિલાષાવાળા ઋષભદત્ત અને દેવાનંદા સપરિવાર રથમાં બેસી ઉદ્યાનમાં આવી પહોંચ્યા. વિધિપૂર્વક વંદન–નમસ્કાર કરી, ઉભય પર્ષદામાં જઇ પોતપોતાના ઉચિત સ્થાને બેસી ગયા. પ્રભુમુખમાંથી ' આત્મા અને કર્મ ' અંગે વહેતી વચનધારાનું એકચિત્તે પાન કરી રહ્યા.

અહા ! આ દેવાનંદા ઉપદેશ શ્રવણ કરે છે કે પ્રભુ વીરના મુખનું નિર્નિમેષ નેત્રે અવલોકન કરે છે. કાન કરતાં ચક્ષુઓ વધુ એકતાર બની છે ! હૃદયને બદલે વક્ષઃસ્થળ વધુ પ્રફુલ્લિત દૃષ્ટિગોચર થાય છે. અરે ! સારી દેહ-

લતાના રોમરાય કંઈ વિકસ્વર થઇ ગયાં છે! અદ્દભુત અતિ અદ્દભુત!! છતાં શ્રોતાવૃંદની નજર તો પ્રભુ તરફ છે, પણ એક વ્યકિતની આંખો દેવાનંદાની ચેષ્ટા વિસ્મિતપણે નિરખે છે. ઉપદેશધારા કરતાં એને મન આ દ્વિજ-અંગનાની એકાગ્રતા વધુ કિંમતી બની છે. એવી તે કઇ વ્યક્તિ છે કે જે અમૃત ઘુંટડા ગળવાના ત્યજી કુસકા તરફ મીટ માંડી રહી છે.

આશ્ચર્ય! અરે એ વ્યક્તિ તો ખુદ ગૌતમ ગણધર પોતે જ, પ્રભુના પ્રથમ પટ્ટધર! એમનું આવું વર્તન કેમ ટીકાપાત્ર ન લેખાય? 'આ તો વાડ જ ચીભડા ગળે' તેવું, એમાં વળી અજાયબી શી! એ ઇંદ્રભૂતિ જાતના ભૂદેવ, ક્યાં અહંકાર ને ગર્જારવ ઓછો હતો? પરાજય પમાડવાનો ઘટાટોપ કરી આવેલ એ પંડિતશિરોમણી કલ્પનામાં ન ઉતરે એ રીતે શ્રી વીરના ચરણોપાસક બની ગયા, બેંતાલીશની વયવાળા ગુરૂના એ પાંચ દાયકા વીતી ગયેલ વયવાળા! વિદ્વાન છતાં અતિ નમ્ર! જાણકાર છતાં ગુરૂમુખે જવાબ મેળવવાના જિજ્ઞાસુ! વીતરાગના ચરણ ચુમનાર! ભક્તિરાગથી આકંઠ ડુબેલા! ભલા આજે એ દેવાનંદા પ્રતિ કેમ મીંટ માંડી રહ્યા છે? કારણ વિના એ દ્વિજ આવી વિલક્ષણ વૃત્તિ ન દાખવે, એમની બધી વાતો વિચિત્ર!

દેશના સમાપ્ત થઇ. એ વિચિત્ર વલણ અંગે પ્રશ્ન પૂછાય તે પૂર્વે જ કર જોડી ગણધરમુખ્ય બોલ્યા—

પ્રભો! દેવાનંદાના વદનની આ સ્થિતિ શા કારણે? સંસારી સ્નેહની ગૂઢતા હું જાણું છું તેમ માતાની દૃષ્ટિ પોતાના પુત્ર પ્રતિ આવી એકધારી સર્જાય એનો ખ્યાલ છે, પણ આ તો શ્રમણ—બ્રાહ્મણરૂપ વિચિત્ર જોડાણ. ત્યાં તો એક જ ધ્વનિ ઊઠ્યો—'એ તો મેરી અંબા' ગૌતમ! દેવાનંદા, તો મારી માતા છે.

આ શબ્દો કર્ણપટ પર અથડાતાં જ શ્રોતાસમૂહમાં ધરતીકંપ સમ આંચકો લાગ્યો. નાનાથી મોટા સૌ અજાયબી પામ્યા. ખુદ દેવાનંદાને પણ ઓછું આશ્ચર્ય ન થયું. કેટલાકને તો લાગ્યું કે—આ વર્ધમાન, જ્ઞાની સંતની કીર્તિ વરીને આ શા ગોટાળા વાળી રહ્યા છે? દુનિયા જાણે કે ત્રિશલા ક્ષત્રિયાણીનો એ પુત્ર છે. ક્ષત્રીકુંડમાં જન્મ્યો અને યૌવન વયે યશોદાને પરણ્યો, રાજવી નંદીવર્ધનની અનુજ્ઞાપૂર્વક દીક્ષિત થઇ, ઋજુવાલિકા તટે કૈવલ્ય મેળવ્યું. આમાં એક પણ પ્રસંગે આ દેવાનંદા દેખાણી છે ખરી? માતા જ હતી તો ક્યાં છુપાઇ હતી?

સહસ્રરશ્મીની હાજરીમાં અંધારું ક્યાં સુધી ટકી રહે? સર્વજ્ઞ મહાવીર શંકાનું સમાધાન કરતાં બોલ્યા—

ગૌતમ, મારૂં ચ્યવન એ પુન્યશીલાની કુક્ષિમાં થયેલું. ચૌદ સ્વપ્નથી એ જાગ્રત પણ થયેલ. દ્વિજમુખ્ય ઋષભદત્ત પણ એ વાત જાણે છે. મારી સ્થિરતા બ્યાસી દિવસ રહી. પછી હરિણગમેષી દેવદ્વારા ગર્ભ-બદલી થઈ. મને ત્રિશલા માતાની કુક્ષિમાં લઇ જવાયો અને એનો ગર્ભ માતા દેવાનંદાને મળ્યો. એ વેળા જ જોયેલા સ્વપ્નો પાછા જતાં અર્થાત્ હરાઇ જતાં એમને જણાયાં.

પ્રભો! આપની વાત અક્ષરશઃ સાચી છે. ઋષભદત્ત અને દેવાનંદા આગળ આવી બોલ્યા. આજે કારણ જાણવા આતુર બન્યા.

મહાનુભાવો! એ બધા કર્મના પ્રપંચ, આત્માની પૂર્વ કરણીને બેઠેલાં એ ફળો. આગ-

ળના ભવમાં દેવાનંદા અને ત્રિશલા જેઠાણી અને દેરાણી હતા. દેરાણીનો રત્નડાબડો ગુમ કરવાના પરિપાકરૂપે આ ભવમાં પુત્ર ગુમાવવો પડ્યો.

એક સવાલ–દેવ! બ્રાહ્મણનું કુલ હલકું ગણાય. તીર્થંકરો તો ક્ષત્રિય વર્ણ જેવા ઉત્તમ વંશમાં જ ઉપજે એ શું ખોટું છે?

ના, ના, દ્વિજવર્ણની હલકાઈનો એમાં પ્રશ્ન જ નથી. જ્યાં બ્રહ્મચર્યનાં બહુમાન હોય અને જ્ઞાન–અધ્યયનનો વ્યવસાય હોય એ વર્ણને હલકી કોણ કહે? એ કથનમાં જેમ તુચ્છ ને હલકા કુળની વાત છે તેમ માંગણવૃત્તિ વિષે કહેવાયું છે. વિદ્વત્તામાં હરકોઈને ટપી જનાર અને સમૃદ્ધિથી ભરપૂર ભૂદેવ પણ દક્ષિણા માટે હાથ ધરવાનો. હૃદયમાં રહેલી જ્ઞાનગરિમા એનામાં ક્ષાત્રતેજ કે નેતાગીરિ નહીં જન્માવી શકે. જેમના હાથે વિશ્વનું કલ્યાણ નિર્માયું હોય છે અને જેઓ જગતને આત્મશ્રેયનો માર્ગ બતાવવામાં મુખીઆ બનવાના હોય તેઓ માંગણવૃત્તિવાળા ન હોઈ શકે. એ દાતાર થાય પણ હાથ ધરનાર હરગીજ ન બને. એકલા જ્ઞાનથી નેતા ન થવાય. એ પાછળ અંતરનો ઉકળાટ, ભુજાનું જોમ અને અજોડ નીડરતા હોવી જ જોઈએ. એથી જ ઇક્ષ્વાકુ જેવા ક્ષત્રિયકુલોમાં તીર્થંકરો આદિની ઉત્પત્તિ દર્શાવી છે. એ કથનમાં વસ્તુસ્થિતિના એંધાણ છે. ઊંચ–નીચની વિચારણા કે દ્વિજ વર્ણની હલકાઈના ચિત્રણનો પ્રશ્ન નથી. ગોત્રના એ પ્રકાર વિચારીને એ કર્મથી બચવાનો બોધપાઠ લેવાનો છે. નહીં કે એનું અભિમાન કરવાનો! ઊંધો અર્થ ગ્રહણ કરી મેં મરિચી ભવમાં જે મદ કર્યો તેનું પરિણામ મારા પૂર્વભવોના વર્ણનમાંથી દીવા જેવું સ્પષ્ટ જણાય તેમ છે. ત્રેવીશ તીર્થપતિઓએ વીશ સ્થાનકની સાધનામાં જ્ઞાનાર્જનની સંપૂર્ણતા સાધી હતી અર્થાત્ બ્રાહ્મણત્વ મેળવ્યું હતું, એટલે તીર્થંકર ભવમાં એનો પરિપાક લણવા તેમણે શૂરા ક્ષત્રિયો તરીકે કમર કસવાની હતી. મારી સાધનામાં થોડી અધુરાશ હતી એટલે બ્યાસી દિન બ્રાહ્મણ સંસ્કૃતિમાં રહેવું પડ્યું. આ તો અપેક્ષા આશ્રયી કહેવાયું. બાકી કર્મોની વિચિત્રતા એટલી બધી ગુંચવણભરી છે કે એમાં છદ્મસ્થની બુદ્ધિ કામ ન કરી શકે.

એક જ વાત યાદ રાખો કે–'સારી વસ્તુ પ્રાપ્ત થઈ હોય તો પણ અભિમાન કે ગર્વ ન કરવો' અર્થાત્ 'મદ આઠ નિવારો વ્રતધારી'

પ્રભો! આજે આત્મતત્ત્વની સાચી પિછાન થઈ. મને ભાગવતી દીક્ષા આપો, એમ દ્વિજશ્રેષ્ઠ ઋષભદત્ત બોલ્યા. 'અને મને પણ' એમ દેવાનંદા ઉભરાતા હૈડે કહેતા આગળ વધ્યા.

દીકરા એવા ચરમજિનના હસ્તે સંયમ સ્વીકારનાર આ દ્વિજયુગલ નિરતિચાર ચારિત્ર પાળી શિવમંદિર પહોંચ્યું એમ શાસ્ત્ર કહે છે; અને ઓળખાતા માતા–પિતા માત્ર બારમે દેવલોકે ગયા!

શાસનસ્થંભોમાં ગણધરો ઉપરાંત સંખ્યાબંધ દ્વિજ વિદ્વાનોની નામાવલિ છે. ત્યાં પછી બ્રાહ્મણકુલ હલકાનો પ્રશ્ન સંભવે ખરો?

**ચોકસી**

# ધર્મમાં સમ્યગ્જ્ઞાનની જરૂરીયાત

લેખક:—ચતુર્ભુજ જયચંદ શાહ.

મનુષ્યને જીવન ધારણ માટે શ્વાસોશ્વાસની ક્રિયાનું સંચાલન જેટલું જરૂરી છે તેટલું જ ભગવાન્ મહાવીરના શાસનમાં આત્મહિતાર્થે સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રનું આરાધન આવશ્યક છે. શારીરિક દૃષ્ટિએ મનુષ્ય જેમ શ્વાસોશ્વાસની ક્રિયા ચાલુ હોય ત્યાં સુધી જ જીવી શકે છે અને આહારાદિક ક્રિયાઓદ્વારા શારીરિક જીવનશુદ્ધિ અને વિકાસ સાધે છે તેમ ધાર્મિક દૃષ્ટિએ સમ્યગ્દર્શન જ્ઞાનની પ્રાપ્તિ ચાલુ હોય ત્યાં સુધી જ મનુષ્યને આત્મહિતની સમજણ ચાલુ રહે છે, અને જેટલે અંશે કર્મ આશ્રવના નિરોધરૂપ સંવર અને સત્તાગત કર્મની નિર્જરારૂપ ક્રિયાદ્વારા ચારિત્રશુદ્ધિ અને વિકાસ સાધે છે તેટલે અંશે આત્મહિત અને મોક્ષપ્રાપ્તિનો ઉદ્દેશ સાધ્ય બને છે. આત્મહિતની સમજણ માટે સમ્યગ્દર્શનજ્ઞાનની પ્રાપ્તિ અને આત્મહિતની સાધના–મોક્ષ માટે ચારિત્રનું ગ્રહણ આવશ્યક છે. સુખ માટે મથતા જીવાત્માને રાગ, દ્વેષ અને મોહથી વ્યાપ્ત જીવન અને આ સંસાર એ જ દુઃખનું કારણ છે. સંસારમાં ક્વચિત્ સુખ મળે તો તે લાંબો વખત ટકતું નથી તેમજ તેથી પરમ શાંતિ પ્રાપ્ત થતી નથી. સુખોપભોગ પણ ઘણીવાર વિશેષ દુઃખબંધનનું કારણ થઇ પડે છે. સંસારમાં ભવભ્રમણ સાથે અનિવાર્યપણે સંલગ્ન દુઃખના કાયમી નિવારણ માટે અને શાશ્વત પરમ સુખની પ્રાપ્તિ અર્થે કુદરતી અથવા જિનેશ્વર ભગવંતપ્રણીત ધર્મ સાધુ મુનિ મહારાજના ઉપદેશદ્વારા અથવા બીજી કોઇ રીતે મેળવેલા જ્ઞાનદ્વારા સંસારથી મુક્ત થવાની અર્થાત્ મોક્ષની જે અભિલાષા પ્રગટ થવી તે સમ્યગ્દર્શન છે. તેથી જીવાત્માને ભવાટવીમાં કાયમ રખડાવી મારનાર સંસારની ભયંકરતાનું યથાર્થ દર્શન થાય છે અને તેમાંથી છૂટવા એટલે મુક્ત થવાની અભિલાષા પ્રગટે છે. મોક્ષની તે અભિલાષા કઇ રીતે પૂર્ણ કરવી, તે માટે જીવાદિ તત્ત્વોનું હેય ઉપાદેય સ્વરૂપ અને તેનો માર્ગ–ઉપાય જ્ઞાનદ્વારા સમજાય છે. તે જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન અને તે અનુસાર થતી સંયમરૂપ ક્રિયા તે સમ્યક્ ચારિત્ર છે, અને એ રત્નત્રયીનું ઉત્કૃષ્ટ ફળ મોક્ષ છે.

મનુષ્યને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ બાદ તેણે જે કાંઇ જ્ઞાન મેળવ્યું હોય અથવા મેળવે તે સમ્યગ્રૂપે પરિણમે છે અને ત્યારથી તેને સમ્યગ્જ્ઞાનની શરૂઆત થાય છે. સમ્યગ્-દર્શન એ સમ્યગ્જ્ઞાનની પ્રાથમિક શરત છે અને તેથી જીવનપ્રવૃત્તિના ઉદ્દેશ અથવા ધ્યેયની શુદ્ધિ થાય છે. પરમ શાશ્વત સુખ માટે સમ્યગ્દર્શનરૂપ મોક્ષાભિલાષ થવા છતાં મોક્ષમાર્ગનો નિર્ણય તો સમ્યગ્જ્ઞાનદ્વારા જ થાય છે અને સમ્યગ્જ્ઞાન યુક્ત ચારિત્ર અથવા સંયમ પાલનદ્વારા મોક્ષમાર્ગ તરફ પ્રયાણ સધાય છે. સમ્યગ્-જ્ઞાનદ્વારા સમ્યગ્દર્શનનું શુદ્ધિકરણ અને સ્થિરીકરણ થાય છે અને ચારિત્રપાલનમાં આવતા દોષો સાથે આત્માને જાગૃત રાખવાનું તે કાર્ય કરે છે. કોઇપણ પ્રચલિત જાત, ધર્મ અને તેના ધર્મગ્રંથોને સમ્યગ્જ્ઞાનની દૃષ્ટિએ જોવામાં આવે તો

તેના ગુણદોષોની તુરત પરીક્ષા થઇ શકે છે. અને મનુષ્યને જુદા જુદા ધર્મના મતવાદોના મોહ-આકર્ષણમાંથી બચાવે છે. ધર્મના નામે જે ક્રિયા થતી હોય તે તદ્દહેતુરૂપ એટલે મોક્ષમાર્ગને અનુરૂપ છે કે કેમ, -તે અધિકારની યોગ્યતા અને વિધિપૂર્વક કરવામાં આવે છે કે કેમ તેની સમજણ સમ્યગ્ જ્ઞાનીને સહેલાઇથી આવે છે. સમ્યગ્ જ્ઞાનીને જિનેશ્વર ભગવંતના પ્રવચનમાં અપૂર્વ શ્રદ્ધા હોય છે; તેમના વિરહકાળમાં આગમ શ્રુત-જ્ઞાનને તે આધારભૂત ગણે છે; છતાં પૂર્વાચાર્યોએ ધર્મશાસ્ત્રોના સંકલન વિસ્તાર ટીકા-રૂપે જે કાંઇ લખ્યું હોય તેનો વિવેકપુરઃસર સ્વીકાર કરે છે, અને કોઇ જાતના દુરાગ્રહ અથવા પૂર્વગ્રહ વગર જેમાં જે કાંઇ સત્ય હોય, મોક્ષમાર્ગને અનુરૂપ હોય, તે માટે ગુણવૃદ્ધિ કરનારૂં હોય તેનો સ્યાદ્વાદપૂર્વક સ્વીકાર કરે છે. પૂર્વાચાર્યોએ તત્ત્વ અને તેને અનુરૂપ ધર્માચારના ઉપદેશ માટે રચેલા શાસ્ત્રો તથા વર્તમાન સદ્ગુરુઓનો તે માટે ઉપદેશનો ઉપકાર તે કદી ભૂલી શકતો નથી, તેનો સ્વીકાર કરવામાં તેને કદી સંકોચ નથી થતો અને તેનું યથાશક્તિ પાલન કરવામાં તે પ્રમાદ સેવતો નથી. સર્વજ્ઞ એવા તીર્થંકર-પ્રણીત ધર્મશાસન અને તેના શાસ્ત્રોમાં કોઇ અસત્ય અથવા દોષ હોવાનો સંભવ નથી, છતાં પાછળના સમયમાં દેશકાળની વિકટ પરિસ્થિતિમાં ઘણા સૂત્રગ્રંથોનો નાશ, સંક્ષેપ થવાથી, કોઇ વ્યક્તિના પ્રમાદ, જાતિદોષના કારણે કોઇ અર્થભેદ દાખલ થયો હોય તો શક્ય હોય તેમ સત્યાન્વેષણ દષ્ટિએ સંશોધન કરવા, જીવાદિક તત્ત્વો પદાર્થોને સત્ય સ્વરૂપે સમજવા, સિદ્ધાંત અને તે અનુસાર ક્રિયામાર્ગનું સ્થાપન કરવા તે સદા ઉત્સુક રહે છે. શાસ્ત્રગ્રંથોમાં બોધ આપવા માટે એકલાં તત્ત્વો કે પદાર્થોનું નિરૂપણ સામાન્ય જનસમૂહને નિરસ થઇ પડે છે. તેથી સિદ્ધાંતને રુચીકર શૈલીએ સમજાવવા, કોઇ તીર્થસ્થાન અથવા ક્રિયામાર્ગનું મહત્વ સ્થાપવા સમજાવવા, તેને અંગે ધાર્મિક પ્રવૃત્તિ વધારવા ધર્મકથાઓ-દ્રષ્ટાંતોનો ઉપયોગ પૂર્વાચાર્યોએ છૂટા હાથે કરેલો છે. તે કથાઓમાં કેટલીક ઐતિહાસિક તેમજ કેટલીક રૂપક અથવા કાલ્પનિક પણ હોય છે; કેટલીકમાં તે બંનેનું મિશ્રણ પણ થયું હોય છે. બોધ આપવા માટે લખાયેલી તે કથાઓનો ઉપયોગ સમ્યગ્જ્ઞાન વિવેકપુરઃસર કરે છે. શ્રદ્ધા બેસાડવા કથામાં ગમે તેમ લખ્યું હોય પણ કોઇ તીર્થસ્થાન અથવા ધાર્મિકક્રિયાનો સાંસારિક સુખપ્રાપ્તિ અથવા દુઃખનિવારણ માટે ઉપયોગ કરવાનું તે યોગ્ય માનતો નથી છતાં તેમ થતું હોય તો ધર્મક્રિયામાં તેટલો દોષ માની સાવચેતી રાખે છે. ધર્મને નામે ચાલતી કોઇ દોષયુક્ત પ્રવૃત્તિને તે કદી પુષ્ટિ આપતો નથી.

હાલ તો મતિ અને જે વિદ્યમાન છે તે શ્રુતજ્ઞાનથી વિશેષ પ્રકારના જ્ઞાનસંપાદનની શક્તિ કોઇને નથી. મતિજ્ઞાનનો વિશેષ પ્રકાર જાતિસ્મરણજ્ઞાન પણ ભાગ્યે જ કોઇને થાય છે. પહેલાનું શ્રુતજ્ઞાન પણ ઘણું વિચ્છેદ ગયું છે, ઘણાંનો સંક્ષેપ થયો છે તેમ છતાં જે વિદ્યમાન છે તે એટલું વિપુલ, પ્રૌઢ અને અર્થગંભીર છે કે આપણી શક્તિ માટે તે ઘણું છે. પ્રાચીન આચાર્યોએ સૂત્ર અને અર્થનું ગાંભીર્ય અને આવશ્યક ક્રિયાની જે શુદ્ધતા જાળવી છે તે પાછળના શિથિલાચારી સમયમાં સચવાઇ નથી. એક વખત તો ચૈત્યવાસી અને શિથિલાચારી સાધુઓનું એટલું પ્રાબલ્ય હતું કે કેટલાક શહેર ગામમાં

સુવિહિત શુદ્ધ ક્રિયામાર્ગી સંવેગી સાધુને રહેવાનું પણ સ્થાન મળતું નહોતું, છતાં તેમણે અનેક કષ્ટ–યાતના વેઠીને ધર્મને બની શકે તેમ શુદ્ધ સ્વરૂપે જાળવ્યો છે, જીવાદિ તત્ત્વો અને શુદ્ધ આચારમાર્ગી સહેલાઇથી સમજાય તે માટે ઉચ્ચ કોટિના ઘણા ધર્મગ્રંથો અને ટીકાની રચના કરી છે. છતાં કાળબળ અને અન્ય ધર્મવાળાઓની લોકભોગ્ય અને રંજન૦ રૂપ થતી ક્રિયાઓ અને કથાઓની અસર આપણાં ધર્મસાહિત્ય ઉપર તેમજ જીવનમાં થતી જ આવી છે. તે સાથે શુદ્ધમાર્ગના પુનઃસ્થાપન માટે ક્રિયાઉદ્ધાર થતા આવ્યા છે છતાં વખત જતાં શિથિલતા પ્રવેશતી જ રહી છે. સમ્યગ્દર્શનનું સ્થાન દર્શનસ્થળોમાં લોક-રંજન–આકર્ષણ અર્થે થતા અલંકાર આડંબરોએ, તત્ત્વોપદેશ માટે સમ્યગ્ શ્રુતજ્ઞાનનું સ્થાન અલંકારી કાવ્યભાષા અને કલ્પનાપૂર્ણ કથાઓએ, અને સમ્યક્ચારિત્ર અને શુદ્ધ આચારનું સ્થાન અભ્યંતર શુદ્ધ ભાવ વગરના બાહ્ય તપશ્ચર્યા, ક્રિયાકાંડો અને ઉત્સવઆડં-બરોએ લીધું છે. તેમાં પણ અજ્ઞાનતા અને ગતાનુગતિકપણાને લઇને અધિકાર સ્થાન–સમયના શુદ્ધ વિધિવિધાન ઘણી વાર જળવાતા નથી. ધર્મક્રિયામાં આશાતના અને બીજા દોષ ઘણા વધી ગયાં છે. એક બાજુ આ પ્રમાણે મોટા પ્રમાણમાં ચાલી રહ્યું છે ત્યારે સમાજનો કેટલોક યુવાનવર્ગ મૂળમાં ધર્મશ્રદ્ધાથી જ ચલિત થતો જાય છે. જૈનદર્શન અને ધર્મમાં એવું કશું નથી કે જે સત્ય અને વિજ્ઞાનનું વિરોધી હોય. ઊલટું જૈનદર્શન આધ્યાત્મિક તેમજ ભૌતિક દૃષ્ટિએ જીવાદિક પદાર્થોનું તર્કન્યાયયુક્તિપુરઃસર સત્ય પ્રતિ-પાદન કરનારૂં છે. નિગોદ, પરલોક, મોક્ષ જેવાં સૂક્ષ્મ વિચારણા માગતાં ચક્ષુ અને જ્ઞાનેં-દ્રિયો ને અદૃશ્ય પદાર્થોને પણ યુક્તિપૂર્વક સમજાવી શકાય છે. અત્યારના વિજ્ઞાનમાં આધ્યાત્મિક અથવા પારમાર્થિક સુખદૃષ્ટિને સ્થાન નથી. જે કોઇ શોધખોળ થાય છે તે ભૌતિકદૃષ્ટિએ અને ભૌતિકસુખ માટે થાય છે. આધ્યાત્મિકદૃષ્ટિ નહિ હોવાથી વિજ્ઞાનની શોધખોળોનો ઉપયોગ લડાઇના ભયંકર સંહારમાં પણ થાય છે. જ્યારે જૈનધર્મમાં પંદરસો બે હજાર વર્ષ પહેલા ઘણા આચાર્યોને વિશિષ્ટ વિદ્યાશક્તિબળ પ્રાપ્ત થતા હતા છતાં કોઇએ પણ તેનો હિંસાદિક કાર્યમાં ઉપયોગ કર્યાનો એક પણ દાખલો મળશે નહિ. વિજ્ઞાન-ની દૃષ્ટિએ પણ જેઓને મુખ્યત્વે ભૌતિક સુખ જોઇતું હોય તેનો પણ જૈનધર્મ વિરોધ કરતું નથી. પ્રથમ તો એ જીવનની સાચી દૃષ્ટિ સમ્યક્ત્વ સત્ય ધ્યેય બતાવે છે. તે પછી કોણે કેટલો ધર્મ પાળવો તે દરેકની શક્તિ અધ્યવસાય ઉપર અવલંબે છે. જૈનચક્રવર્તીઓ અને વાસુદેવોએ મુખ્યત્વે પૌદ્ગલિક સુખસાધના કરી હતી પણ જેઓએ છેવટ રાજ્યવૈભવ, ઋદ્ધિસિદ્ધિનો ત્યાગ કરી અધ્યાત્મ સંયમમાર્ગ ગ્રહણ કર્યો તેમણે જ મોક્ષ અને સ્વર્ગની ઉચ્ચગતિ પ્રાપ્ત કરી હતી. બાકીનાએ તો નીચ નર્કગતિ જ પ્રાપ્ત કરી છે. અનીતિને પોષણ મળે તેવી ક્ષુદ્ર રીતે દ્રવ્ય મેળવવાની લાલસા ઘણી વધી છે, અને તેવા દ્રવ્યોપાર્જન ઉપર જાણે કે ઢાંકપીછોડો કરવા તેવા દ્રવ્યવડે ધાર્મિક ઉત્સવાદિક અને બીજું બાહ્યક્રિયાનું આચરણ ઘણું થઇ રહ્યું છે. પણ તે સર્વ સમ્યગ્દૃષ્ટિએ ધાર્મિક અજ્ઞાનતાનું જ પરિણામ છે.

એટલે ચળકાટભર્યા કહેવાતા દર્શનઉદ્યોત અને વધી પડેલ ધાર્મિક ક્રિયાકાંડપ્રવૃત્તિની શુદ્ધિ કરવી હોય તો હાલમાં એકલા સાધુવર્ગ ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

ધર્મમાં સંયમમાર્ગની મુખ્યતા છે અને તેનું આરાધન કરનારા સર્વદા વંદનને પાત્ર છે. પણ તેમનામાં કેટલીક શિથિલતા અને પાછળની પરંપરાની કેટલીક સાંપ્રદાયિક જડતા આવી છે. એક બાજુ વાડા ગચ્છ મમત્વ, ક્રિયાભેદ અને તેની ચર્ચાઓ, બીજી બાજુ આત્મપ્રશંસા કરાવનારા ધાર્મિક ઉત્સવોના ક્રિયાકાંડોમાં તેઓ ઘણા અટવાઇ ગયા છે. તેમની દોરવણી નીચે સમાજ પણ મોટેભાગે તેમાં જ ધર્મ માની બેઠો છે. પણ મુખ્ય સંતોષની વાત એ છે કે સમાજમાં ગમેતેવી પણ ધર્મશ્રદ્ધા અને સંયમમાર્ગ પ્રત્યે આદરસન્માન જાગૃત છે. પ્રાચીન તેમજ અત્યારના ધર્મગુરુઓએ પણ કેટલીક પક્ષાપક્ષી, મતમતાંતર અને કદાગ્રહ છતાં તે જાગૃત રાખીને આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે. ધર્મશ્રદ્ધા અને ક્રિયાકાંડમાં જે કાંઇ દોષ–ક્ષતિ છે તે સમ્યગ્જ્ઞાનદ્વારા દૂર થઇ શકે તેમ છે, તે જ તેનો ઉપાય છે. તે માટે જૈનધર્મના દાર્શનિક તેમજ ધાર્મિક સૂત્રગ્રંથો સિવાય ભાગ્યે જ બીજે કોઇ સ્થળે મળી શકતા જીવાદિ તત્ત્વોનું નિરૂપણ કરતા, જીવનમાં કષાય કે રાગદ્વેષજન્ય હિંસાદિક દોષો ઓછા કરી અહિંસાદિક વ્રતો, દયા દાન શિયલ તપ સંયમના પાલનનું મહત્વ સમજાવતા ધર્મગ્રંથોના અભ્યાસ–વાંચન–મનન–નિદિધ્યાસન અને શક્ય હોય તેમ તેમ વધતાપરિણામે પરિશીલનની જરૂર છે. આટલું થશે તો ધર્મશ્રદ્ધા જે કેટલીક વાર અંધશ્રદ્ધા, દુરાગ્રહ કે અવિવેકનું રૂપ ધારણ કરે છે, અને યોગ્યતા અને વિધિ જાળવ્યા વગર જે ઘણીવાર ધાર્મિક ક્રિયાકાંડ–ઉત્સવો કરવામાં આવે છે તે દોષ ઘણે અંશે દૂર થશે. જે ધાર્મિક જ્ઞાન અત્યારે પાઠશાળાઓ મારફત અપાય છે તે ઘણુંખરું સામાયિક, પ્રતિક્રમણનાં સૂત્રો પૂરતું હોય છે. બાળકો જીવાદિ તત્ત્વો અને કર્મવિષયક જ્ઞાનગ્રંથો સમજી શકે નહિ પણ તેના મુખપાઠ માટે બાલ્યાવસ્થા જ અનુકૂળ છે અને મોટી ઉમરે તેની વિશેષ અર્થપૂર્વક સમજણ મેળવવામાં તે ઘણું મદદગાર થશે. મોટી ઉમરના માણસો બીજા ઘણા વ્યવસાયને લઇને મુખપાઠ કરી શકે નહિ તો તેઓ તેવા ગ્રંથોનું વાંચન–મનન કરે. તેથી જૈન ગૃહસ્થસમાજનો સેંકડે નવાણું ટકા ભાગ જે જીવનમાં તત્ત્વવિચારણા અને આચારધર્મની શુદ્ધિ માટે મહત્વના જ્ઞાનથી વંચિત છે તે મોટી ખામી દૂર થશે. તત્ત્વની સમજણ આવતા આચારધર્મની ક્રિયાશુદ્ધિ થશે અને અત્યારે શ્રીમંતોના પૈસા તથા લોકોની શ્રદ્ધાબળે થતા બાહ્ય ધાર્મિક ક્રિયાકાંડો અને તેના ઉત્સવોમાં અંજાઇ સંતોષ માની મનાવી લેવો પડે છે તેમાં ઘણો સુધારો થશે. ધર્મશ્રદ્ધા અને આચારક્રિયામાં સમ્યગ્દર્શનજ્ઞાનને સ્થાન આપવા શ્રાવક શ્રાવિકાઓએ જીવાદિ તત્ત્વો અને કર્મવિષયક ગ્રંથોનો સામાયિક દ્વારા તેમજ અન્ય સમયે અભ્યાસ કરી તે અનુસાર જીવનવ્યવહાર શુદ્ધ રાખવા પ્રયાસ કરવો જોઈએ. તે માટે ધર્મગુરુઓએ પ્રેરણા ઉપદેશ આપવાં જોઇએ, અને આગેવાનો તથા શ્રીમંતોએ અન્ય માર્ગે જેમ છૂટથી પૈસા ખર્ચવામાં આવે છે તેમ જ્ઞાનમાર્ગે દ્રવ્યનો સદુપયોગ કરવો જોઇએ. ઉચ્ચ પ્રકારના ધાર્મિક જ્ઞાનાભ્યાસ માટે દરેક મોટાં તીર્થનાં સ્થળો, શહેરો અને યોગ્ય સ્થળોએ જ્ઞાન વિદ્યામંદિરો દરેક સગવડ, સહાય, વ્યવસ્થા સાથે સ્થાપવાં જોઇએ અને તેને પૂરતી મદદ મળવી જોઇએ. ધર્મના જુદા જુદા માર્ગે દરેક વરસે જૈનગૃહસ્થો એક કરોડ રૂપીયા જેટલો ખર્ચ કરતા હશે છતાં

# વ્યાયામ અને આત્મરક્ષણની તાલીમ

[ પાટણખાતે પ્રો. માણેકરાવના પ્રમુખપણા નીચે એક વ્યાયામ સંમેલન તા. ૬-૨-૪૭ ના રોજ ભરવામાં આવ્યું હતું તે પ્રસંગે સ્વાગત પ્રમુખ શ્રી. અમીચંદ ખેમચંદ શાહે જે પ્રવચન આપેલ તેનો સાર ભાગ અહીં "પ્રબુદ્ધ જૈન" ના તા. ૧ લી માર્ચના અંકમાંથી ઉધ્ધૃત કરવામાં આવ્યો છે. ]

આપણી પ્રગતિના કારણોમાં શારીરિક વિકાસ પણ એક અગત્યનું કારણ છે. આજનું રશિયા જે ઉન્નતિ સાધી શક્યું છે તે તેના લોખંડી શરીરનો જ પ્રતાપ છે. ભૂતકાળમાં થયેલા આપણા પૂર્વજોની વીરકથાઓ વાંચીએ છીએ ત્યારે આપણને એમ લાગે છે કે આપણે શારીરિક શક્તિમાં ખૂબ પછાત છીએ, જે આપણી બેદરકારીનું પરિણામ છે. એ સ્થિતિ જરાએ ચલાવી શકાય નહિ. આપણે પણ લોખંડી શરીરો ઉત્પન્ન કરવા પ્રયત્નશીલ થવું જ જોઇએ. તે માટે મહોલ્લે મહોલ્લે વ્યાયામશાળાઓ ખોલવી જોઇએ અને દાતાઓએ સંકુચિતતા ત્યાગીને ઉદારતાથી મદદ કરવી જોઇએ.

વ્યાયામના પ્રતાપે શારીરિક વિકાસના ગૌરવભરેલા એક બે દાખલા અહિં રજૂ કરું તો અસ્થાને નહિ ગણાય. ૧૯૨૫ ની સાલમાં અમેરિકામાં મી. અરલી લી ડરપેન તરફથી દુનિયા માટે શારીરિક ખીલવણીની હરિફાઇ ગોઠવવામાં આવી હતી, જેમાં દુનિયામાંથી દરેક કસરતબાજે ખુલ્લા બદનના ફોટા મોકલવાના હતા. આ હરિફાઇમાં દુનિયાના જુદા જુદા દેશોમાંથી ૨૫૦૦૦ કસરતબાજોએ ફોટા મોકલ્યા હતા, જેમાં આ જ પાટણના એક વ્યાયામવીરે શારીરિક ખીલવણીના ફોટા મોકલાવેલા. હરિફાઈમાં ૧૪ ઇનામો આપવાના હતાં, તેમાં આઠમું ઇનામ એ પટણી વીરને મળેલું. ઇનામમાં ૧૦ ડોલર રોકડા અને એક સુવર્ણ ચંદ્રક મળેલો. આ જાતનું ઇનામ મેળવવામાં હિંદી અને ગુજરાતી તરીકે એ ભાઇ પહેલા હતા. ચાલીસ વર્ષ ઉપર નબળા શરીરના એક બાળકે પ્રો. રામમૂર્તિ થવાના ઉમંગે શારી-

---

ધર્મવિષયક ઉન્નતિમાં આપણે પ્રગતિ સાધી શકતા નથી. જ્પણ ઉચ્ચ પ્રકારના ધાર્મિક જ્ઞાન માટે યોગ્ય યોજના–વ્યવસ્થા કરવામાં આવે તો તે ફક્ત થોડા લાખ રૂપીયાના ખર્ચમાં સાધી શકાશે. સંઘના આગેવાનો અને શ્રીમંતોએ તે માટે ઉદ્યમવંત થવાની જરૂર છે. તેમ કરી ભગવાન મહાવીર કે જેમણે અત્યંત કષ્ટમય ઉપસર્ગો સહન કરી સંયમનું પાલન કર્યું, ઘણાં વર્ષો સુધી મોટી બાહ્ય અભ્યંતર તપશ્ચર્યા કરી મોહજાળ અને જ્ઞાનાવરણાદિક સર્વ ઘાતિ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાનરૂપી ઉત્કૃષ્ટ જ્ઞાન મેળવ્યું, અને આપણા ઉપર ઉપકારબુદ્ધિએ તીર્થ પ્રવર્તાવી શ્રુતજ્ઞાન માટે દ્વાદશાંગીની રચનાદ્વારા આપણને જ્ઞાનયુક્ત ધર્મમાર્ગ બતાવ્યો, તેવા પરમ ઉપકારી ભગવંતના આ વર્ષના જન્મકલ્યાણ પ્રસંગે તેમના માર્ગને અનુસરી આપણે સ્વપરઆત્મકલ્યાણ સાધીએ એ જ વિનતિ.

રિક વિકાસ માટે ખૂબ મહેનત આદરી. શારીરવિકાસની પૂરી તૈયારી ને તાલીમ મેળવી ગુજરાત, સિંધ, પંજાબ વિગેરે સ્થળોએ અંગબળના અનેક અદ્ભૂત ખેલો કરી બતાવી પ્રજાને મુગ્ધ બનાવી, અને અનેક રાજવીઓ, મહાજનો, ગોરા લેફ્ટેન્ટો અને કર્નલો તરફથી સોના ચાંદીના અનેક ચન્દ્રકો મેળવી કલિયુગના ભીમ કહેવાયા. આ બન્ને વ્યાયામવીરો પાટણની વણિક કોમના છે, શાહની અટકથી ઓળખાય છે અને હયાત છે. એક ભાઇ મુંબઇમાં શારીરિક ખીલવણીની શાળા ચલાવે છે ને બીજા ભાઇ ધંધામાં પડ્યા છે.

મનુષ્યની મીલકતમાં કીંમતીમાં કીંમતી થાપણ શરીર છે. તેની પૂરતી કાળજી રાખવા મનુષ્ય બંધાયેલો છે. શરીરની સુધારણા અર્થે "ઓસડનો આહાર કરનાર" માણસો ફાંફાં મારે છે, તેને બદલે વ્યાયામ, ખુલ્લી હવા, ખોરાક અને સંયમરૂપી સાધનોવડે શરીરસંપત્તિ અને મનની ખીલવણી કરવી એ જ સાચો માર્ગ છે. જેમ મનુષ્યની મીલકતમાં કીંમતીમાં કીંમતી આપણું શરીર તેમ રાષ્ટ્રનો કીંમતીમાં કીંમતી ખજાનો બાળકો છે, એટલે તેના શારીરિક વિકાસની જેટલી જવાબદારી વાલીઓની છે, તેથી લેશ પણ ઓછી શાસકોની છે એમ કોઇ પણ ન માને. હાલની શાળાઓ અક્ષરજ્ઞાન માટે જેટલો સમય લે છે, તેમાંથી શારીરિક ખીલવણી માટે પૂરતો સમય રોકવો જોઇએ. જેમ શાળાઓ અને છાત્રાલયોમાં અમુક વિષયો ફરજીયાત હોય છે તેવી રીતે દરેક કેળવણી ધામોમાં ઓછામાં ઓછી સવાર અને સાંજ એક એક કલાક ફરજીયાત વ્યાયામની તાલીમ બાળકોને આપવી જોઇએ. આ રીતે શાસકો ને વાલીઓ શારીરિક મુખ્ય અંગ સમજીને કાળજીપૂર્વક ધ્યાન આપે તો દશ વર્ષમાં શારીરિક ખીલવણીમાં આપણે ખૂબ આગળ વધીએ એવી મારી માન્યતા છે.

શારીરિક ખીલવણીથી તૈયાર થયેલા મજબૂત શરીરમાં હિંમતની પણ જરૂર છે. એક વ્યાયામવીર આફતમાં પડેલા અનેકને જાનના જોખમે બચાવી શકે છે, જ્યારે બીજો હિંમતના અભાવે બીકનો માર્યો મળશુદ્ધિ માટે ખૂણાંખાંચરા ખોળે છે, અને અંધારી રાતે બહાર જતાં પણ ગભરાય છે. આવી બીક દૂર કરવા દરેક યુવાને અવારનવાર જંગલો, નદી, નાળાં ને પર્વતોની મુસાફરીએ જવું જોઇએ. તેથી બીકનું ભૂત નાબુદ થાય ને નિર્ભયતા આવે. શાન્ત અને નિર્ભય રીતે જેઓ જીવન ગુજારવા ઇચ્છે છે, તેમણે દુશ્મનના હુમલા સામે પોતાનો બચાવ કરવાની તાલીમ જરૂર મેળવવી જોઇએ. આપણે આપણા રક્ષણ માટે પોલીસ અને ચોકીદારો પર આધાર રાખી તેમના ઓશીયાળા રહેવાની સાવ ટેવ નાબુદ નહિ કરીએ તો આપણા માટે પરિણામ ભયંકર છે. એ પરિણામથી બચવું હોય તો આપણે આપણા બાલબચ્ચાનું અને આપણા ધર્મનું રક્ષણ કરવાની હીંમત પ્રાપ્ત કરવી જ જોઈએ. શાસકો મહોલ્લે મહોલ્લે અને શેરીએ શેરીએ પોલિસ નહિ રાખી શકે, તેમ ઘેર ઘેર ચોકીયાત પણ નહિ રાખી શકે. કદાચ એ અસંભવિત સંભવિત બન્યું, તો પણ પગારદાર માણસો ઉપર તમારી ઇજ્જતનો આધાર રાખી ઘરના ખૂણે ભરાઇ બેસવું કે નાસી છૂટવું એ નિર્માલ્યતા છે. એટલે હું તમને વિનવું છું કે તમે શાન્તિ અને નિર્ભય રીતે જીવવા માગતા હો તો રક્ષણ કરવાની તાલીમ લેવામાં જરા પણ પ્રમાદ કરશો નહિ.

# ધર્મ ભાવના

આદર જીવ ક્ષમા ગુણુ આદર—એ દેશી.

આદર જીવ દયા ધર્મ આદર, ધર્મથી સુખ અપાર જી;
ધર્મે જીવ વસે મોક્ષમાં, ધર્મે દેવલોક સાર જી. આદર૦ ૧
દાન શિયલ તપ ભાવના, ભાવો ચાર પ્રકાર જી;
જે તીર્થંકરે ઉપદિશ્યા, વાસ કરે મુજ ઉર જી. આદર૦ ૨
સત્ય ક્ષમા ને નમ્રતા, મન શુદ્ધ રાખો સહુ જી;
સરલ હૃદય સુખ આપશે, બ્રહ્મચર્યે બહુ લાભ જી. આદર૦ ૩
લોભ તજી કો આતમા, સંયમ અકિંચન ધાર જી;
ઇચ્છા નિરોધ તપ આદરી, પાળે ધર્મ દશ પ્રકાર જી. આદર૦ ૪
ધર્મ પ્રભાવે વિશ્વમાં, સૂર્ય ચંદ્ર તપે રોજ જી;
વર્ષાકાળે વરસે ભલો, આપે ધાન મેઘરાજ જી. આદર૦ ૫
જબ જીવ હોયે અતિ આકરો, રોગ ભર્યો તનમાંય જી;
ધર્મ વિના કોઇ નવ આશરો, માત પિતાદિક જોય જી. આદર૦ ૬
વિશાળ રાજ્ય પ્રિય વલ્લભા, આનંદકારી પુત્ર જી;
સુંદર રૂપ ધન ધાન્યતા, સજ્જનતા સુખ પાત્ર જી. આદર૦ ૭
ગુણ અભ્યાસ અતિ ભલો, સુબુદ્ધિ વસે દિલમાંય જી;
કલ્પવૃક્ષ સમ જાણજે, ધર્મતણાં ફળ હોય જી. આદર૦ ૮
રક્ષણ કરો ધર્મરાજ જી, હો જૈનધર્મ મહારાજ જી;
વંદન કરું અતિ ભાવથી, આપો શિવસુખ રાજ જી. આદર૦ ૯
ધર્મથકી પૃથ્વી રહી, ધર્મે સાગર શાંત જી;
ધર્મે રૂપ ગુણ તેજતા, ધર્મે કરો સહુ ખંત જી. આદર૦ ૧૦
ધરમ ધરમ જગ સહુ કરે, નિઃસ્પૃહતા સુખકાર જી;
દાન દયા શીલ સત્યતા, સંયમ જ્ઞાન અપાર જી. આદર૦ ૧૧
ધર્મ વિના કોઇ નવિ તર્યો, અધર્મતા દુઃખદાય જી;
ધર્મે કેઇ જીવ નિસ્તર્યા, પામ્યા શિવપુર ઠાય જી. આદર૦ ૧૨
જ્ઞાન દર્શન ચારિત્રથી, તપ ગુણ ઉત્તમ ભાવ જી;
શાંત સુધારસ ધારજે, વિનય કહે શિવપુર નાવ જી;

આદર જીવ દયા ધર્મ આદર૦ ૧૩

**હીરાચંદ ઝવેરચંદ શાહ–બેંગ્લોર સીટી.**

## સ્વીકાર અને આભાર.

ગતાંકમાં જાહેર કર્યા બાદ "શ્રી જૈન ધર્મ પ્રકાશ સહાયક ફંડ" માં નીચે પ્રમાણે સહાયની રકમ મળી છે, જે સાભાર સ્વીકારવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૪૫૮॥ા= | અગાઉ સ્વીકારાયેલા | |
| ૧૦૧) | વોરા ફુલચંદ લીલાધર | એડન. |
| ૫॥ | મનસુખલાલ બેચરદાસ પારેખ | કરાંચી. |
| ૫) | સાકરચંદ જશરૂપજી શાહ | બોરીંદરાકાંઠ. |
| ૨॥ા= | મૂળચંદ એન. ભાવસાર | વસો. |
| ૨) | અમૃતલાલ જગજીવન શાહ | ખંભાત. |
| ૧॥ા= | ચમનલાલ કપુરચંદ શાહ | બોરજ. |
| ૫૭૭)= | | |


### શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર ભાષાંતર

**પર્વ ૧ થી ૧૦ : વિભાગ ૫**

આ આખા ગ્રંથમાં દશ પર્વ છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની આ અપૂર્વ કૃતિ છે. મૂળના શ્લોક ૩૪૦૦૦ છે. તેનું ભાષાંતર જુદા જુદા પાંચ ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે.

૧ પ્રથમ ભાગ–પર્વ ૧–૨ શ્રી ઋષભદેવ, અજિતનાથ વગેરેના ચરિત્ર. કિં. રૂા. ૩–૪–૦
૨ બીજો ભાગ–પર્વ ૩-૪-૫-૬ શ્રીસંભવનાથથી મુનિસુવ્રતસ્વામી સુધીનાં ચરિત્રો. કિં. રૂા. ૩-૪-૦
૩ ત્રીજો ભાગ–પર્વ ૭ મું. જૈન રામાયણ ને શ્રી નમિનાથ ચરિત્ર કિં રૂા. ૧–૮–૦
૪ ચોથો ભાગ–પર્વ ૮–૯. શ્રી નેમિનાથ ને પાર્શ્વનાથ વગેરેનાં ચરિત્ર કિં. રૂા. ૩–૦–૦
૫ પાંચમો ભાગ–પર્વ ૧૦ મું. શ્રી મહાવીરસ્વામીનું સવિસ્તર ચરિત્ર કિં. રૂા. ૨–૮–૦
( આ પાંચમો ભાગ હાલ શીલીકમાં નથી. )

---

# ભરતેશ્વર બાહુબલી વૃત્તિ ભાષાંતર

**પુરુષ વિભાગ ૧–૨ ( સંપૂર્ણ )**

'ભરહેસરબાહુબલિ'ની સજ્ઝાય તો રાઇ પ્રતિક્રમણમાં હંમેશા બોલાય છે, પણ તેમાં દર્શાવાતા મહાપુરુષોનાં વૃત્તાંતો તમો જાણો છો ? ન જાણતા હો તો આ પુસ્તક મંગાવો. તેમાં ૯૦ મહાપુરુષોના જીવનવૃત્તાંતો સુંદર અને રોચક ભાષામાં વર્ણવવામાં આવ્યાં છે. કથાઓ મનપસંદ અને સૌ કોઇને ગમી જાય તેવી છે. અવશ્ય આ પુસ્તક વસાવો. ડેમી સાઇઝના પૃષ્ઠ લગભગ ચારસો, છતાં કિંમત માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ જુદું.

લખો :—શ્રી જૈન ધર્મપ્રસારક સભા, ભાવનગર

Reg. No. B. 156

# સભાસદોનાં ખેદકારક પંચત્વ

## ૧. શેઠ ચુનીલાલ કમળશી, જોરાવરનગર

હળવદનિવાસી આ ગૃહસ્થ જોરાવરનગરખાતે મહા શુદિ તેરશના રોજ સ્વર્ગવાસી થયા છે. તેઓ ધર્મિષ્ઠ અને સંસ્કારી આત્મા હતા તેમની સ્વામીભક્તિ અને ધર્મપ્રેમ પ્રશંસનીય હતાં. પોતાને ઘરે ગૃહમંદિર રાખતા હતા. મહા શુદિ તેરશના રોજ પોતાને ત્યાં બીજો રૂમ બનાવરાવી તેમાં પ્રભુજીને પધરાવવાના હતા અને તેને લગતી સર્વ તૈયારીઓ કરી હતી. મહા શુદિ ૧૨ ના રોજ વઢવાણ કેંપ જઇ સ્નેહી–સંબંધીઓને આમંત્રણ આપી આવ્યા, ને વરઘોડા માટે સામગ્રીનું નક્કી કર્યું; પરન્તુ માહ શુદિ ૧૩ના રોજ પ્રાતઃકાલમાં તેમને છાતીમાં દુઃખાવો થયો અને જોતજોતામાં તેઓ સ્વર્ગવાસી બન્યા. તેમના અવસાનથી જોરાવરનગર તેમજ હલવદના સંઘને ઘણી જ મોટી ખોટ પડી છે.

તેઓશ્રી આપણી સભાના ઘણાં વર્ષથી લાઇફ મેમ્બર હતા. અને સભાના કાર્યમાં ઉત્સાહથી ભાગ લેતા હતા. અમે સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ અને તેમના સુપુત્ર કાંતિલાલને તેમજ કુટુંબીજનોને દિલાસો આપીએ છીએ.

## ૨. લધાભાઇ ચાંપશી, મુંબઇ

આ કચ્છી ગૃહસ્થ જ્ઞાનના ખાસ ઉપાસક હતા. તેઓએ આપણી સભાદ્વારા "પવિત્રતાને પંથે" નામની બુક છપાવી સભાસદોને ભેટ આપી હતી. વૃદ્ધવય થવા છતાં તેમનો જ્ઞાન–વાંચનપ્રેમ ઘણો જ જાણીતો હતો.

સભા પર ઘણી જ પ્રીતિ ધરાવતા અને ઘણાં વર્ષોથી લાઇફ મેમ્બર થયા હતા. ફા. શુ. ૭ના રોજ તેમના અચાનક સ્વર્ગવાસથી સભાએ એક હિતસ્વી સભાસદ ગુમાવ્યો છે. અમે સદ્‌ગતના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ અને તેમના આપ્તવર્ગને દિલાસો આપીએ છીએ.

## ૩. શાહ હકમચંદ હીરાચંદ, ભાવનગર

ભાવનગરનિવાસી આ બંધુ ૩૦ વર્ષની વયે મહા વદિ ૧ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. કાપડના જાણીતા વેપારી શાહ હીરાચંદ હરગોવનના તેઓ સુપુત્ર હતા. સ્વભાવે મિલનસાર, હસમુખા હતા. સભાનાં ઘણા વર્ષોથી લાઇફ મેમ્બર હતા. અમે સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ ને તેમના આપ્તવર્ગને દિલાસો આપીએ છીએ.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય